અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 231, Dt.12-07-2024 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

**સુવિચાર**

વ્યક્તિ ના કર્મો જ તેની સાચી ઓળખાણ હોય છે, બાકી એક નામ ના હજારો લોકો હોય છે આ દુનિયા માં!

## મુંબઈમાં ફરી ભારે વરસાદ: ઓરેન્જ એલર્ટ જારી

### પાંચ ઈંચ વરસાદ ખાબકયો; આવતીકાલ સુધી ભારે વર્ષાની આગાહી

મુંબઈ, તા.૧૨

મુંબઈમાં ફરી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થતા બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ જારી કરાયુ છે. ભારે વરસાદથી જનજીવનને આંશિક અસર થઈ હતી. એરલાઈન્સ કંપનીઓ દ્વારા પ્રવાસીઓ માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

મુંબઈ હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું કે મહાનગરમાં આજે સવાર સુધીમાં ફરી પાંચ ઈંચ વરસાદ વરસી ગયો હતો અને નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા. આવતીકાલ શનિવાર સુધી ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે.



મુંબઈ પર ચોમાસુ ટ્રફ અને સાયકલોનિક સરકયુલેશન સર્જાયુ હોવાના કારણે પશ્ચીમી પવનો ફુંકાઈ રહ્યા છે. ભારે વરસાદમાં માર્ગ, રેલ અને વિમાની સેવા પ્રભાવિત થવાની ચેતવણી આપવામાં આવી છે.

મુંબઈમાં ભારે વરસાદને કારણે અનેક પરા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આ સિવાય પાલઘર ક્ષેત્રમાં પણ સવારથી ભારે વરસાદ વરસતો રહ્યો હતો. મુંબઈમાં પણ વરસાદ ચાલુ હતો અને વધુ પાણી વરસવાની હવામાન વિભાગે આગાહી કરી હતી. મુંબઈ માટે ઓરેન્જ એલર્ટ જયારે થાણે-રાયગઢ માટે યલો એલર્ટ જાહેર કરાયુ હતું.

પાલઘર, ધુલે, નંદુરબાર, જલગાંવ, નાસિક, સાંગલી, સોલાપુર, પરભણી, બીડ, હિંગોલી, નાંદેડ, લાતુર, અમરાવતી સહિત રાજયના મોટાભાગના ક્ષેત્રોમાં આવતીકાલ સુધી ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

ભારે વરસાદને ધ્યાને રાખીને ઈન્ડીગો જેવી એરલાઈન્સ કંપનીઓએ પ્રવાસીઓ માટે એડવાઈઝરી જાહેર કરી હતી. ઉલ્લેખનીય છે કે ગત વિકએન્ડમાં પણ મેઘરાજાએ મુંબઈને ધમરોળ્યુ હતું અને તેમાં ૫૦થી વધુ ફલાઈટ રદ થઈ હતી.

## સેન્સેક્સ ૯૯૬ પોઈન્ટ ઉછળ્યો ૮૦૮૯૩ની રેકોર્ડ હાઈએ પહોંચ્યો

મુંબઈ, તા.૧૨

સેન્સેક્સ ૯૦૦ પોઈન્ટથી વધુ વધીને ૮૦,૮૯૩ની રેકોર્ડ હાઈએ પહોંચ્યો છે. નિફ્ટી પણ ૨૭૦ પોઈન્ટ ઉછળીને ૨૪,૫૯૨ની ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યો છે. જોકે, અત્યારે માર્કેટ રેકોર્ડ હાઈથી થોડું નીચે આવી ગયું છે. સેન્સેક્સ ૭૦૦ પોઈન્ટ અને નિફ્ટી ૨૦૦ પોઈન્ટ વધીને ટ્રેડ થઈ રહ્યો છે.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૫ વધી રહ્યા છે અને ૫ ઘટી રહ્યા છે. ઝઈજ્ના મજબૂત ત્રિમાસિક પરિણામો પછી આજે IT ઈન્ડેક્સ લગભગ ૪% ઉપર છે. TCSના શેર લગભગ ૪% વધીને રૂ. ૪૦૮૦ની ઉપર ટ્રેડ થઈ રહ્યા છે. ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને એચસીએલ ટેક પણ લગભગ ૩ ટકા ઉપર છે.




### નિફ્ટી પણ ૨૦૦થી વધુ પોઈન્ટ વધ્યો

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) ભારતની સૌથી મૂલ્યવાન IT કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ લિમિટેડ (TCS) નો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો રૂ. ૧૨,૦૪૦ કરોડ હતો. વાર્ષિક ધોરણે ૮.૭૨% નો વધારો થયો છે.

કંપનીએ એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં રૂ. ૧૧,૦૭૪ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. આ સમયગાળા દરમિયાનની કમાણી વિશે વાત કરીએ તો, એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં કુલ રૂ. ૬૩,૫૭૫ કરોડ હતી. વાર્ષિક ધોરણે ૫.૪૪% નો વધારો થયો છે.

ટીસીએસએ તેના શેરધારકોને શેર દીઠ રૂ. ૧૦નું ડિવિડન્ડ પણ જાહેર કર્યું છે. કંપનીઓ નફાનો અમુક હિસ્સો તેમના શેરધારકોને આપે છે, તેને ડિવિડન્ડ કહેવાય છે. TCSનો શેર ગઈ કાલે ૦.૧૮% ઘટીને રૂ. ૩,૯૦૨ પર બંધ થયો હતો.

૧૧ જુલાઈના રોજ શેરબજારમાં ફ્લેટ ટ્રેડિંગ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૨૭ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯,૮૯૭ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટી પણ ૮ પોઈન્ટ ઘટીને ૨૪,૩૧૫ ના સ્તર પર બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૬માં ઉછાળો અને ૧૪માં ઘટાડો જોવા મળ્યો હતો.

### ૨૦૨૪માં ચાંદીએ સેન્સેકસથી આપ્યું ત્રણ ગણું વધારે રિટર્ન

નવી દિલ્હીઃ મે ૨૦૨૪ની રેકોર્ડ ઉંચાઈથી લગભગ ૩૦૦૦ રૂપિયા તુટયા પછી સોનાની કિંમતો ફરીથી ઝડપભેર વધી રહી છે. છેલ્લા ૧૫ દિવસમાં ચાંદીમાં પણ જોરદાર તેજી જોવા મળી છે. ૧૫ દિવસ પહેલા ૮૬૦૦૦ રૂપિયા પ્રતિ કીલો ચાંદીના ભાવ અત્યારે ૯૫૦૦૦ રૂપિયાની નજીક પહોંચી ગયા છે.

૨૦૨૪માં સોના-ચાંદીએ રિટર્ન આપવા બાબતે ભારતીય શેર બજારને બહુ પાછળ રાખી દીધું છે. ચાંદીએ તો આ વર્ષે નિફ્ટી અને સેન્સેકસથી ૩ ગણાથી વધારે રિટર્ન આપ્યું છે. આ વર્ષે નિફ્ટીમાં અત્યાર સુધીમાં ૧૧.૯ ટકા તેજી આવી છે, જયારે સેન્સકસ ૧૦.૫૫ (જુઓ.પાનું.૫)

## રાજનાથ સિંહની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ



નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની તબિયત લથડતા તેમને દિલ્હી AIIMSના ન્યુરો સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર પીઠના દુખાવાને લઈને તેમને એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે. જો કે હાલ તેમની તબિયત સારી છે. જો એઈમ્સે તેમના સ્વાસ્થ્ય અંગે સત્તાવાર રીતે કોઈ નિવેદન નથી આપ્યું.

રાજનાથ સિંહને બેક પેઈનની બીમારીના કારણે બુધવારે મોડી રાત્રે દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે તેઓ હજુ પણ ડોકટરોની સલાહ મુજબ સારવાર હેઠળ છે અને તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે. જો કે આ પહેલા પણ ચૂંટણી પ્રચાર દરમિયાન આંધ્ર પ્રદેશમાં આ તેમને આ દુખાવાનો સામનો કરવો પડ્યો હતો.

હાલ તેમને એમ્સના ખાનગી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. ન્યુરો સર્જન ડો.અમોલ રહેજાની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. રાજનાથ સિંહે ૧૦મી જુલાઈના રોજ તેમનો ૭૩મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ દરમિયાન ઘણા નેતાઓએ તેમને ટ્વિટર પર શુભેચ્છા પાઠવી હતી. બીજેપીના અનેક નેતાઓએ તેમના નિવાસસ્થાને જઈને તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

## બિહારમાં વીજળી પડવાથી ૨૩ના મોત

### દેશના ૧૭ રાજયોમાં ભારે વરસાદની આગાહીઃ ઉતરાખંડમાં અનેક જગ્યાએ ભુસ્ખલન

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હી-યુપીથી બિહાર સુધી સતત વરસાદ પડી રહ્યો છે. કેટલાક રાજ્યોમાં વરસાદ ચાલુ છે તો કેટલાક રાજ્યોમાં વરસાદ આફતમાં ફેરવાઈ રહ્યો છે. તે જ સમયે, રાજધાની દિલ્હી સહિત સમગ્ર એનસીઆરના લોકો ભેજથી પરેશાન હતા. હવામાનખાતા અનુસાર, આગામી કેટલાક દિવસો સુધી દેશના વિવિધ રાજ્યોમાં ભારે વરસાદ ચાલુ રહેશે. યુપીમાં વરસાદને કારણે નદીઓ બે કાંઠે છે.

ગુરૂવારે દિલ્હીમાં સૂરજ બહાર આવ્યા બાદ વાતાવરણ ફરી થોડું ગરમ થયું હતું અને ભેજનું પ્રમાણ વધી ગયું હતું. દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પરસેવો થવા લાગ્યો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દિલ્હીમાં ભારે વરસાદ પડી શકે છે. IMD અનુસાર, આજે ઘેરા વાદળો છવાયેલા રહેશે. આ સિવાય કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પણ પડી શકે છે. આજે દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહી શકે છે. યુપીમાં પણ આગામી બે દિવસ ભારે વરસાદ પડી શકે છે. રાજધાની લખનૌ અને તેની આસપાસના વિસ્તારોમાં ૨-૩ દિવસ સુધી મુશળધાર વરસાદ પડી શકે છે. ૧૫ જુલાઇ પછી ચોમાસું જોર પકડશે. યુપીના ૮૦૦ ગામોમાં પૂર જેવી સ્થિતિ છે. ગામડાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. લોકો પોતાના ઘર છોડવા મજબૂર છે. એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પૂર્વી યુપીના શ્રાવસ્તી, કુશીનગર, સિદ્ધાર્થનગર, મહારાજગંજ, ગોંડા, બલરામપુર, સંત કબીર નગરમાં ભારે વરસાદ પડી શકે છે. પશ્ચિમ યુપીના ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, હાપુડ, સંભલ, રામપુર, બિજનૌર, મથુરા, આગ્રામાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. બિહારમાં પણ ગુરુવારે વીજળી પડવાથી ૨૩ લોકોના મોત થયા હતા.

ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલન થઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે અનેક જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે. ઉત્તરકાશી, ચમોલી અને રૂદ્રપ્રયાગમાં વીજળી પડી શકે છે. આ સાથે IMDએ ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. ટિહરી ગઢવાલ અને રાજધાની દેહરાદૂનમાં મુશળધાર વરસાદ પડી શકે છે. ભૂસ્ખલનને કારણે છેલ્લા ૩ દિવસથી ચાર ધામ યાત્રા બંધ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દેશના ૧૭ રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. જેમાં ગોવા, બંગાળ, કેરળ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. આમાંથી કેટલાક રાજ્યોમાં વીજળીના ચમકારા સાથે ભારે વરસાદ પણ પડી શકે છે.

## ભાજપ શાસિત રાજયો બેરોજગારીની સમસ્યાનું કેન્દ્ર બની ગયુ: રાહુલ ગાંધી



નવી દિલ્હી, તા ૧૨

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરૂવારે આરોપ લગાવ્યો કે નોકરીની શોધમાં ગુજરાતની એક હોટલમાં યુવાનોની ભીડનો વીડિયો વાયરલ થયા બાદ ભાજપ શાસિત રાજયો બેરોજગારીની સમસ્યાનું કેન્દ્ર બની ગયુ છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે, આ વીડિયો ગુજરાતના લોકો સાથે ભાજપનો લોકો માટે છેતરપિંડી મોડલનો પુરાવો છે. તે જોઈ શકાય છે કે મોટી સંખ્યામાં યુવાનો હોટલમાં નોકરી માટે રાહ જોઈ રહ્યા છે અને તેમની વચ્ચે ઝપાઝપી ચાલી રહી છે. રાહુલે 'X' પર પોસ્ટ કર્યું, ભારતમાં બેરોજગારીની બિમારીએ મહામારીનું સ્વરૂપ લઈ લીધું છે.

ભાજપ શાસિત રાજયો આ રોગનું કેન્દ્ર બની ગયા છે. તેમણે દાવો કર્યો હતો કે સામાન્ય નોકરી માટે કતારોમાં ઉભેલા ભારતનું ભવિષ્ય એ નરેન્દ્ર મોદીના અમૃત કાલની વાસ્તવિકતા છે.

ખડગેએ 'X' પર પોસ્ટ કર્યું આ વીડિયો ૨૨ વર્ષથી ગુજરાતની જનતા પર ભાજપ દ્વારા અનુસરવામાં આવેલા છેતરપિંડી મોડલનો પુરાવો છે. કેન્દ્રની મોદી સરકારે છેલ્લા ૧૦ વર્ષથી જે રીતે યુવાનો પાસેથી નોકરીઓ છીનવી લીધી છે, તેનાથી તેમનું ભવિષ્ય બરબાદ થયું છે.

## બજેટ પુર્વે ખુશખબર: પીએફ પર ૮.૨૫ ટકા વ્યાજ મળશે

ન્યુ દિલ્હી, તા.૧૨

બજેટ પહેલા લગભગ ૭ કરોડ EPFO સભ્યો માટે સારા સમાચાર આવ્યા છે. ગુરૂવારે એક મોટી જાહેરાત કરતા, કેન્દ્રીય નાણા મંત્રાલયે એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ (EPFO) થાપણો માટે વ્યાજમાં વધારાને મંજૂરી આપી દીધી છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૮.૨૫ ટકા વ્યાજ દરની જાહેરાત કરી હતી, જેને હવે નાણાં મંત્રાલયે મંજૂરી આપી દીધી છે.

EPFO એ ગયા વર્ષના ૮.૧૫%ના દરથી ૨૦૨૩-૨૪ માટે વ્યાજ દર વધારીને ૮.૨૫% કર્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર માહિતી આપતા, EPFO એ જણાવ્યું કે EPF સભ્યો માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૮.૨૫% વ્યાજ દર મે ૨૦૨૪ માં સરકાર દ્વારા સૂચિત કરવામાં આવ્યો છે. હવે માત્ર કર્મચારીઓ તેમના ખાતામાં PFનું વ્યાજ જમા થવાની રાહ જોઈ રહ્યા છે.

EPFOની ટોચની નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT)એ ફેબ્રુઆરીમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે PG પર વ્યાજ વધારવાની (જુઓ.પાનું.૫)

**અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત**

## વચગાળાના જામીન મળ્યા: જેલમાં જ રહેવું પડશે

### ધરપકડને પડકારતી અરજીનો મામલો મોટી બેંચને સોંપાયો

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દારૂ કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળી ગયા છે. પરંતુ તેની ધરપકડનો મામલો ED દ્વારા સુપ્રીમ કોર્ટની મોટી બેંચને સોંપવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે કેજરીવાલની ધરપકડને પડકારતી અરજીનો મામલો મોટી બેંચને મોકલી દીધો છે. હવે સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેંચ કેજરીવાલની અરજી પર સુનાવણી કરશે. આ કેસમાં ચીફ જસ્ટિસ ત્રણ જજોની નિમણૂક કરશે. કેજરીવાલને મોટી બેંચ સમક્ષ કેસની સુનાવણી સુધી વચગાળાના જામીન આપવામાં આવ્યા છે.



પરંતુ કેજરીવાલ હાલ જેલમાંથી બહાર આવી શકશે નહીં. હાલમાં તે CBI કસ્ટડીમાં છે પરંતુ ED કેસમાં તેને જામીન મળી ગયા છે. આવી સ્થિતિમાં તે હાલ જેલમાં જ રહેશે.

કેજરીવાલના વકીલ વિવેક જૈને કહ્યું કે ૧૮ જુલાઈએ દિલ્હી હાઈકોર્ટમાં CBI કેસની સુનાવણી છે. આ મામલે નિર્ણય આવ્યા બાદ જ ખબર પડશે કે કેજરીવાલ બહાર આવશે કે નહીં? જો કે કેજરીવાલ જેલમાંથી બહાર આવે તેવી શક્યતાઓ પ્રબળ છે.

કેજરીવાલને વચગાળાના જામીન આપતા કોર્ટે કહ્યું કે દિલ્હીના મુખ્યમંત્રી ૯૦ દિવસથી વધુ સમયથી જેલમાં છે. તેઓ ચૂંટાયેલા નેતા છે અને તેઓ નક્કી કરશે કે તેઓ આ પદ પર ચાલુ રહેશે કે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે નિર્ણયમાં ચૂંટણી ફંડને લઈને પણ સવાલો ઉઠાવ્યા છે.

## રાધનપુર હાઈવે પર એસટી બસ-ટ્રક વચ્ચે અકસ્માત: ૪નાં મોત

### બન્નેનાં ડ્રાઈવર સહિત ચારે જીવ ગુમાવ્યો, ૬ મુસાફરને ઈજા

પાટણ, તા.૧૨

રાધનપુરના ખારીના પુલ પાસે આણંદથી રાપર જતી એસ.ટી બસ અને ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો. જેથી ૪ લોકોના મોત થયા છે. બસના ડ્રાઈવર અને કંડક્ટર તેમજ ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરે જીવ ગુમાવ્યો છે. જ્યારે બસમાં સવાર ૬ મુસાફરોને ઈજા પહોંચી છે. જેથી ઈજાગ્રસ્તોને રાધનપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મધરાત્રે બનેલી ઘટનાથી હાઈવે મોતની ચિચિયારીઓથી ગુંજી ઉઠ્યો હતો.



આ અંગે મળતી માહિતી મુજબ રાધનપુરના ખારીયા નદીના પુલ પાસે રાપરિયા હનુમાનથી આગળના માર્ગ પર રાત્રે ૨:૦૦ વાગ્યાની આસપાસ આણંદથી રાપર જતી એસ.ટી બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો છે. જેથી બસ અને ટ્રક બન્નેના ડ્રાઈવર સહિત ચાર લોકોના મોત થયા છે. જ્યારે બસમાં સવાર મુસાફરો પૈકી ૬ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતના પગલે મધરાત્રે હાઈવે પર મોતની ચિચિયારીઓ ગુંજી ઉઠી હતી.

એસટી અને ટ્રક વચ્ચેની ટક્કર એટલી ભયંકર હતી કે, બસ અને ટ્રકના આગળના ભાગનો ફૂરચો બોલી ગયો હતો. તેમજ બન્ને વાહનોને અલગ કરવા માટે ક્રેઈનની મદદ લેવામાં આવી હતી. અકસ્માતના બનાવની જાણ પોલીસ અને એસટી વિભાગના અધિકારીઓએ થતાં તેઓએ તાત્કાલિક ઘટના (જુઓ.પાનું.૫)

## નેપાળમાં બે બસ નદીમાં ખાબકી: ૭ ભારતીયોના મોત

### ૫૭થી વધુ મુસાફરો લાપત્તા, ભૂસ્ખલનને કારણે બસ નદીમાં પડી

કાઠમંડુ, તા.૧૨

નેપાળમાં એક દુર્ઘટના બની છે. પાડોશી દેશમાં ભૂસ્ખલન બાદ બે બસો નદીમાં વહી ગઈ છે. આ અકસ્માતમાં સાત ભારતીયોના મોત થયા છે. જ્યારે બસમાં મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો (લગભગ ૬૦) લાપતા છે. દુર્ઘટનાની તીવ્રતાને ધ્યાનમાં લેતા મળતકોની સંખ્યા વધી શકે છે.

મળતી માહિતી મુજબ, બીરગંજથી કાઠમંડુ જઈ રહેલી એક બસ ત્રિશુલી નદીમાં પડી હતી, જેમાં સાત ભારતીયોના મોત થયા હતા. તમને જણાવી દઈએ કે રોડ વિભાગે નારાયણઘાટ કાઠમંડુ રોડ સેક્શનને ૧૫ દિવસ માટે બંધ કરી દીધું હતું. પરંતુ આ પછી પણ ટ્રાફિક સેવા પૂર્વવત થઈ છે. વાસ્તવમાં નેપાળમાં અતિશય વરસાદને કારણે અલગ-અલગ જગ્યાએ ભૂસ્ખલન થઈ રહ્યું છે, જેના કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે. કાઠમંડુ પોસ્ટના જણાવ્યા અનુસાર, ચિતવનના મુખ્ય જિલ્લા અધિકારી ઈન્દ્રદેવ યાદવે જણાવ્યું કે કાઠમંડુ જઈ રહેલી એન્ગાસ બસમાં ૨૪ મુસાફરો હતા, જ્યારે કાઠમંડુથી ગૌર જઈ રહેલી ગણપતિ ડીલક્સ બસમાં લગભગ ૪૧ લોકો હતા. આ અકસ્માત સવારે ૩.૩૦ વાગ્યાની આસપાસ થયો હોવાનું કહેવાય છે. નેપાળમાં આજે સવારે ભૂસ્ખલનને કારણે લગભગ ૬૩ મુસાફરોને લઈને બે બસો ત્રિશુલી નદીમાં તણાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ બંને બસમાં બસ ડ્રાઈવર સહિત કુલ ૬૩ લોકો મુસાફરી કરી રહ્યા હતા.



આ અકસ્માત સવારે લગભગ ૩.૩૦ વાગે થયો હતો. ચિતવન (જુઓ.પાનું.૫)

# નિર્દયી કાર ચાલકે ઠોકરે ચડેલા વૃધ્ધાને ત્રણેક કિ.મી. સુધી ઢસડયા

## રાજકોટમાં કાલાવડ રોડ પર ચોંકાવનારી 'હિટ એન્ડ રન'ની ઘટનાઃ વૃધ્ધાનુ કમકમાટી ભર્યુ મોત : કારના નંબરને આધારે તપાસનો ધમધમાટ



રાજકોટ તા.૧૨

શહેરના કાલાવડ રોડ પર ધોળાધાર રાધે હોટેલ પાસે રાત્રીના એક ચોંકાવનારી અને જીવલેણ હિટ એન્ડ રનની ઘટના બની હતી. કણકોટના પાટીયે રહેતાં ૬૪ વર્ષના વૃધ્ધા રાતે સાડા અગિયારેક વાગ્યે પોતાના માનસિક અસ્વસ્થ એવા દિકરા સાથે ભંગાર વીણીને પગપાળા ઘર તરફ જઇ રહ્યા હતાં ત્યારે એક સફેદ રંગની કાર બેફામ સ્પીડથી નીકળી હતી અને આ વૃધ્ધાને ઠોકરે ચડાવી દીધા હતાં. ઠોકરે ચડયા બાદ ફંગોળાઇ જવાને બદલે આ વૃધ્ધા કારમાં જ ફસાઇ ગયા હતાં. આમ છતાં ચાલકે કાર ઉભી રાખી દેવાને બદલે બેફામ સ્પીડથી ભગાવ્યે રાખી હતી. પુત્ર આ કારની પાછળ દોડયો હતો. પરંતુ કારની સ્પીડ વધુ હોવાથી તે આંબી શકયો નહોતો. તે દેકારો મચાવતો મચાવતો કાર જે તરફ ભાગી તે તરફ આગળ વધતો ગયો હતો. છેલ્લે આશરે અઢીથી ત્રણ કિલોમીટર આગળ કણકોટના પાટીયે તેને તેના માતા મૃત હાલતમાં મળ્યા હતાં. કારચાલક ભાગી ગયો હતો.

આ પ્રકારે નિર્દયી રીતે જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલો કારચાલક કોણ? તે જાણવા પોલીસની ટીમો રાતભર કામે લાગી હતી. કારના નંબર લોકોએ જોઇ લીધા હોઇ તેના આધારે ગુનો નોંધી પોલીસે તપાસ યથાવત રાખી છે.

ચકચાર જગાવનારી અને અરેરાટીભરી આ ઘટનામાં તાલુકા પોલીસે મૃત્યુ પામનાર કણકોટ પચા વારીયા પાછળ રહેતાં વિજ્યાબેન બીજલભાઇ બથવાર (ઉ.વ.૬૪)ના પુત્ર કણકોટ ગામ પચાસ વારીયા ઇન્દિરાનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં જગદીશભાઇ બીજલભાઇ બથવાર (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી સફેદ રંગની જીજે૦૩એનકે-૨૦૯૫ નંબરની કારના ચાલક વિરૂધ્ધ બીએનએસ અધિનીયમની કલમો ૨૮૧, ૧૦૬ (૧) મુજબ પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે કાર હંકારી વિજ્યાબેન ચાલીને જતાં હોઇ તેને ઠોકરે લઇ રોડ પર ઢસડી માથા, શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી મોત નિપજાવી કાર લઇને ભાગી જવાનો ગુનો નોંધી તેને ઝડપીલેવા દોડધામ શરૂ કરી છે.

જગદીશભાઇ બથવારે જણાવ્યું હતું કે હું પવિરાર સાથે રહુ છું અને છુટક મજૂરી કરુ છું. મારા પિતા બીજલભાઇ બથવારનું આઠેક વર્ષ પહેલા અવસાન થયું છે. મારા માતા વિજ્યાબેન બથવાર મારાથી અલગ અમારા મકાનની પાછળના ભાગે મારા નાના ભાઇ દિનેશ સાથે રહે છે. માતા અને ભાઇ દિનેશ બંને ભંગાર વીણવાનું કામ કરે છે. નાના ભાઇ દિનેશની માનસિક સ્થીત બરાબર ન હોઇ જેથી તે મારા માતા સાથે જ દરરોજ ભંગાર વીણવા જાય છે.

ગુરૂવારે રાતે સાડા અગિયારેક વાગ્યે હું મારા ઘરે હતો ત્યારે માસીના દિકરા જીતુભાઇનો મને ફોન આવ્યો હતો કે તમારા માતાને ધોળાધાર રાધે હોટેલ પાસે અકસ્માત થયો છે, તમે જલ્દી આવી જાવ. આથી હું તુરત મારા બાઇક પર ત્યાં પહોંચ્યો હતો. જ્યાં જીતુભાઇ હાજર હોઇ મને કહેલું કે કોઇ ફોરવ્હીલવાળાએ અકસમાત કર્યો છે અને તારા માતા એ ફોરવ્હીલની સાથે ઢસડાતા ઢસડાતાં સાથે જ ગયા છે, પાછળ તારો નાનો ભાઇ દિનેશ પણ દોડતો ગયો છે. આથી હું મારા બાઇક પર તપાસ કરતો કરતો છેક કણકોટના પાટીયા સુધી પહોંચ્યો હતો. જ્યાં નિરાલી રીસોર્ટ પાસે ટી પોસ્ટ નજીક માણસોનું ટોળુ ઉભુ હોઇ અને ૧૦૮ તથા પોલીસની ગાડી પણ હોઇ હું ત્યાં જતાં કપડા નીચે એક લાશ હતી. જે કપડુ ઉંચકીને જોતાં મારા માતા વિજ્યાબેનની લાશ હતી. નાનો ભાઇ દિનેશ પણ ત્યાં હાજર હતો.

દિનેશને મેં પુછતાં તેણે કહેલુ કે હું અને મમ્મી વિજ્યાબેન બંને ભંગાર વીણીને ઘરે પાછા આવતાં હતાં ત્યારે ધોળાધાર હોટેલ પાસે હું પાણી પીવા ઉભો હતો અને માતા સ્હેજ આગળ ચાલતાં થયા હતાં ત્યારે એક સફેદ રંગની કાર આવી હતી જેની ઠોકરે મમ્મી ચડી ગયા હતાં. મમ્મી તે કારની નીચે આવી ગયા હતાં અને તેની સાથે જ ઢસડાવા માંડયા હતાં. હું દોડીને કારની પાછળ પાછળ ગયો હતો પરંતુ કાર ક્યાંય ઉભી રહી નહોતી. હું પાછળ પાછળ જતાં છેક કણકોટ પાટીયા પાસે પહોંચતા માણસો ભેગા થયા હોઇ અને પોલીસ તથા ૧૦૮ આવી ગઇ હોઇ અહિ મેં મમ્મીની નીચે પડેલા જોયા હતાં અને ૧૦૮ના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યા હતાં.

અહિ ભેગા થયેલા લોકોએ મને વાત કરી હતી કે એક સફેદ કલરની કાર હતી. જેના નંબર જીજે૦૩એનકે-૨૦૯૫ હતાં. આ વાત મારા નાના ભાઇ દિનેશે મને કરી હતી. તેમ વધુમાં જગદીશભાઇએ જણાવતાં પીઆઇ ડી. એમ. હરિપરાની રાહબરીમાં પીએસઆઇ એલ. ડી. ડીંડોર તથા રાઇટર જયદિપભાઇ દેવમુરારીએ જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા કાર ચાલક સામે ગુનો નોંધ્યો હતો. કારના નંબર લોકોએ નોંધ્યા છે. જે સાચા છે કે ખોટા? તે સહિતની તપાસ પોલીસે હાથ ધરી છે.

ઘટના સ્થળે લોકોએ કહ્યું-માજી ઢસડાયા તેમની સાડીના ટુકડા મળ્યા, લોહીના લિસોટા રોડ પર પડી ગયાઃ પીછો કરનારા લોકો આ નિશાનને આધારે કણકોટ પાસે પહોંચ્યા બનાવ સ્થળે મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ ગયા હતાં. કાર સાથે ફસાયેલા વૃધ્ધા આશરે ત્રણેક કિલોમીટર સુધી ઢસડાયા હતાં. કારમાં માતા ફસાઇ ગયા હોઇ તેની પાછળ દિકરો દિનેશ દોડતો હતો, રાડો પાડતો હતો. તેણે બીજા લોકોને જાણ કરતાં લોકો દોડી આવ્યા હતાં અને કારનો પીછો કર્યો હતો. પરંતુ કારચાલક હાથમાં આવ્યો નહોતો. રાધે હોટેલના સંચાલકના કહેવા મુજબ માજીને આશરે ચારેક કિલોમીટર ઢસડયા છે, રોડ પર સાડીના કટકા અને લોહીના ડાઘા દેખાયા છે. અમે આ નિશાનોને આધારે પાછળ પાછળ દોડતાં અંતે અમને કણકોટ પાસે મૃતદેહ મળ્યો હતો. લોકોના કહેવા મુજબ સફેદ રંગની અર્ટીગા કાર હતી. લોકોએ એવુ પણ કહ્યું હતું કે અકસ્માત તો સર્જાતા હોય છે પણ આ કિસ્સામાં નિર્દયી ચાલક માજીને ઠોકરે ચડાવ્યા પછી કાર ઉભી રાખવાને બદલે ફસાવેલા વૃધ્ધાને ઢસડતો ગયો હતો અને અંતે તેઓ મૃત્યુ પામ્યા હતાં. તસ્વીરમાં મૃતક વિજ્યાબેનનો નાનો પુત્ર દિનેશભાઇ તથા કારનો પીછો કરનારા અન્ય એક વ્યક્તિ જોઇ શકાય છે. દિનેશભાઇની માનસિક સ્થિતી બરાબર ન હોવાનું તેમના સ્વજનોએ કહ્યું હતું.

# એન.ડી.પી.એસ.ના ગુન્હામાં શંકાના લાભે આરોપીનો નીર્દોષ છુટકારો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

ફરીયાદી એલ.એસ. જાડેજા રાજકોટ શહેરના ગ્રીનલેન્ડ ચોકડી ખાતે વાહન ચેકીંગમાં હતા, તે દરમ્યાન ટ્રાફીક શાખાના એ.એસ.આઈ. કે.જે. પાટીલે ફોન થી જાણ કરેલ કે, તેઓએ ભાવનગર રોડ ૮૦ ફુટ રોડની ચોકડી પાસે એક શંકાસ્પદ અલ્ટો કાર રોકેલ હોય, ફરીયાદીને તાત્કાલીક આવી જવા જણાવતા ફરીયાદીએ પોતાની પાસેના વાયરલેશ સેટથી આ બાબતે પોલીસ કન્ટ્રોલમાં જાણ કરી બનાવ સ્થળે આવેલા અને એ.એસ.આઈ. પાટીલની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, તેમના સાથી કર્મચારી ગીરીરાજસિંહ વાઘેલા તથા ડ્રાઈવર પ્રવિન્નભાઈ પટેલ સાથે રાજકોટ શહેરી વિસ્તારમાં ઈન્ટરસેપ્ટર કારમાં વાહન ચેકીંગમાં હતાં તે દરમ્યાન બનાવ સ્થળે ચેકીંગ કરતા હતા તે દરમ્યાન એક શંકાસ્પદ અલ્ટો કાર આવતા તે અલ્ટો કારને રોકવાનો પોલીસે પ્રયત્ન કરેલ. પરંતુ તે અલ્ટો કાર ચાલક નાશી ભાગવાનો પ્રયત્ન કરતા પોલીસે તેને જડપી લીધેલ. તેની પુછપરછ કરતા કાર ચાલકે પોતાની કારમાં પોશ ડોડા હોવાથી ભાગેલાનું જણાવતા તુરત જ એ.એસ.આઈ. પાટીલે ફરીયાદી એલ.એસ. જાડેજાને ફોન કરેલાનું જણાવતા ફરીયાદી એલ.એસ. જાડેજાએ તુરત જ પોલીસ અધિકારીઓને બોલાવી મજકુર વ્યક્તિ સામે કાર્યવાહી હાથ ધરેલ હતી. પોલીસ અધિકારી દ્વારા પુછપરછ કરતા મજકુર વ્યક્તિએ પોતાનુ નામ પરબતભાઈ દાદુભાઈ રાજગોર જણાવેલ હતુ.આરોપીને અટક કરી પોશડોડાનો સંદીગ્ધ જથ્થો કબજે કરી અને પોલીસે આરોપી સામે ફરીયાદ નોંધેલી. ત્યારબાદ પોલીસે કેસની તપાસ હાથ ધરતા આરોપી નં.૨ જન્માશંકર ગીરજાશંકર ત્રીવેદીનુ નામ ખુલેલ હતુ.તપાસના અંતે પોલીસે બંને આરોપીઓ સામે એન.ડી.પી.એસ.ની કલમ ૧૫ અને ૨૨ મુજબનુ ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ હતુ.આરોપીઓ સામેનો કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા આરોપી નં.૨ જન્માશંકર ગીરજાશંકર ત્રીવેદીનું અવસાન થતા તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ હતો. આરોપી નં.૧ પરભતભાઈ દાદુભાઈ વિરૂધ્ધની ટ્રાયલ દરમ્યાન પ્રોસીક્યુશન તરફે કુલ ૧૫ સાહેદો તપાસવામાં આવેલ હતા. તેમજ કુલ ૧૭ દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ પર રજુ કરવામાં આવેલ હતા.આ કેસમાં બચાવપક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ હતી કે આ કામમાં તપાસ કરનાર અમલદારે અને જેને બાતમી મળેલ કહેવામા આવે છે તેવી બાતમી પોતાના હસ્તાક્ષરમાં લખી લઈને તેમના ઉપરી અધિકારીને મોકલવામાં આવેલ નથી તેમજ એન.ડી.પી.એસની કલમ ૪૨ નો ભંગ થયેલ છે અને ફરીયાદપક્ષના કેસ મુજબ એન.ડી.પી.એસ.નો મુદામાલ મોટરકારમાંથી મળેલ હોવાનું કહેવામાં આવે છે તેમ છતા લેખીતમાં એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ મુજબનું કોઈ જ પાલન કરવામાં આવેલ નથી તેમજ મુદામાલને જે રીતે શીલ કરવામાં આવે છે તેવી રીતથી હાલના કેસનો મુદામાલ શીલ કરવામાં આવેલ નથી અને મુદામાલમાં ચેડા થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ હોય જે હકિકતને ધ્યાને લઈને હાલના આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ હતી.વધુમાં બચાવ પક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ હતી કે તપાસવામાં આવેલ સાહેદોની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષ હાલના આરોપી સામેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને હાલના આરોપીને સજા થાય તેવો કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી અને એન.ડી.પી.એસ. ના કાયદાની કલમોનું ભંગ થયેલ છે. જે હકિક્ત ધ્યાને લઈને આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ હતી. બચાવ પક્ષે પોતાની દલીલોના સમર્થનમાં સર્વોચ્ચ અદાલત તેમજ વડી અદાલતના વિવિધ ચુકાદાઓ રજુ કરેલ હતા.બંને પક્ષોની વિગતવાર દલીલો તેમજ સર્વોચ્ચ અદાલત તેમજ વડી અદાલત વિવિધ ચુકાદાઓને ધ્યાને લઈને કોર્ટ ઠરાવ્યુ હતુ કે આરોપીને ગુના સાથે સાંકળતો સ્પષ્ટ, આધારભુત માનવા લાયક અને ભરોષા પાત્ર પુરતો પુરાવો રેકર્ડ પર આવતો ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિઃશંકપલે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા કોર્ટે આખરી હુકમ કરેલ હતો.આ કેસમાં આરોપી પરબતભાઈ દાદુભાઈ રાજગોર તરફે એડવોકેટ તરીકે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, જીજ્ઞેશભાઈ લાખાણી, શ્રેયશ શુકલ તેમજ ચેતન પુરોહીત રોકાયા હતા.

# ભરણપોષણના કેસમાં પતિએ રકમ નહી ચુકવતા ૨૦૦ દિવસની પતિને સજા ફરમાવતી ફેમીલી કોર્ટે



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

રાજકોટના મહે. ફેમીલી જજની કોર્ટ અરજદાર હિનાબેન કિશોરભાઈ ટીસાણી ડો.ઓ. જશવંતભાઈ ગુદીગરાએ ચડત ખોરાકી પોષાકીની રકમ વસુલ મળવા અરજી કરતા અને સામાવાળા કિશોર હિંમતલાલ ટીસાણી ચડત ભરણ પોષણની રકમ નહી ભરતા અને ફેમીલી કોર્ટે સામાવાળાને ચડત રકમ નહી ચુકવવાના કારણસર લાલ આંખ કરી ૨૦૦ દિવસની સજાનો હુકમ ફરમાવેલ કેસની વિગતે હિનાબેન કિશોરભાઈ ટીસાણી ડો.ઓ. જશવંતભાઈ ગુદીગરાને તેમના પતિ મહારાષ્ટ્ર રાજયના થાણે મુકામે મીરા રોડ મુકામે રહેતા કિશોર હિંમતલાલ ટીસાણી દ્વારા તરછોડવામાં આવેલ હોય જેથી હિનાબેને જીવન નિર્વાહ માટે ફેમીલી કોર્ટમા ખોરાકી પોષાકી મેળવવા અરજી કરેલ અને કોર્ટે અરજીની તારખથી માસીક રૂા.૪૫૦૦લેખે ભરણ પોષણ ચુકવવા હુકમ કરેલ જે હુકમ મુજબ સામાવાળા કિશોરભાઈ સમયસર રકમ નહી ચુકવતા અરજદાર હિનાબેનને દ્વારા તેમના એડવોકેટ જયેન્દ્ર એચ.ગોંડલીયા માફરત કરેલ જેમા ચડત રકમ પતિ દ્વારા નહી ચુકવતા ફેમીલી કોર્ટ બી.ડી. પટેલે પતિ સામે લાલ આંખ કરી ૨૦૦ દિવસની જેલની સજાનો મહત્વનો હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં અરજદાર હિનાબેન કિશોરભાઈ ટીસાણી વતી ગોડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા, તથા એ. કે. મહેતા, હિરેન ડી. લિંબડ, મોનિષ જોષી, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા (ગઢવી), કાજલબેન ખસમાણી, ખુશીબેન ચોટલીયા, નિરાલીબેન કોરાટ, શીરાકમુદ્દીન એમ. શેરશીયા, વિરલ વડગામા, ક્રિષ્નાબેન પીઠડીયા, પીયુષ કોરીગા, મૌલીક ગોધાણી, સમીર શેરશીયા, ધારા બગથરીયા, પ્રિયંકાબેન સાગધ્રા, પારષ શેઠ, કેતન રાખસીયા, દિક્ષીત કોટડીયા તથા મયુર ગોંડલીયા રોકાયેલ હતા.

# યુવતીને લગ્નની લાલચ આપી રાજકોટમાં અનેકવાર દુષ્કર્મ

## હાલ રાજકોટમાં રહેતી ૨૩ વર્ષીય યુવતી સાથે એક રેસ્ટોરન્ટમાં પરિચયમાં આવ્યાં બાદ કલ્પેશ નામના શખ્સે બસસ્ટેન્ડ નજીકની હોટલમાં લઈ જઈ બે વાર દેહ ચૂંથ્યો



રાજકોટ, તા.૧૨

મૂળ ગીર સોમનાથની વતની અને હાલ રાજકોટમાં રહેતી ૨૩ વર્ષીય યુવતીને એક રેસ્ટોરન્ટમાં પરિચયમાં આવ્યાં બાદ કલ્પેશ નામના શખ્સે લગ્નની લાલચ આપી પ્રેમ સંબંધ બાંધ્યા બાદ બસસ્ટેન્ડ નજીકની હોટલમાં લઈ જઈ બે વાર દુષ્કર્મ આચરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી મારી નાંખવાની ધમકી આપી તરછોડી દિધી હતી. બનાવ અંગે એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના એક વિસ્તારમાં રહેતી મૂળ ગીર સોમનાથ પંથકની ૨૩ વર્ષીય યુવતીએ એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કલ્પેશ નામના શખ્સનું નામ આપતાં પોલીસે દુષ્કર્મ, ધમકી અને એટ્રોસીટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણી દોઢ માસ પહેલાં રેસકોર્ષ નજીક આવેલ એક રેસ્ટોરન્ટમાં જમવા માટે ગઈ હતી. ત્યારે આરોપી પણ તેમના મિત્ર સાથે ત્યાં જમવા માટે આવ્યો હતો અને બંને વચ્ચે વાતચીત થઈ હતી અને પરીચયના અંતે બંને વચ્ચે મોબાઈલની આપલે થઈ હતી. બાદમાં આરોપી તેને અવારનવાર ફોન કરતો હતો અને બંને વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યો હતો.

તેમજ આરોપીએ તેમને લગ્ન કરવાની લાલચ આપી બસસ્ટેન્ડ નજીક આવેલ હોટેલમાં લઈ ગયો હતો અને ધરારીથી શરીર સબંધ બાંધ્યો હતો. જે બાદ ફરીવાર તેને લગ્નનું વચન આપી તે જ હોટલમાં લઈ ગયો હતો અને દુષ્કર્મ આચર્યુ હતું.

બાદમાં તેણીએ તેને લગ્ન માટેનું કહેતાં આરોપીએ ના પાડી દિધી હતી અને તેણીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે બાબતે તેણી ગભરાઈ ગઈ હતી. જે બાદ પરિવારને વાત કરી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગે એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી એસીપી બી.જે.ચૌધરીએ તપાસ હાથ ધરી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# શહેરના ત્રણેય ઝોનમાં ૫.૧૭૦ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## ગંદકી કરતા લોકો પાસેથી રૂ. ૧૬,૩૫૦નો વહીવટી ચાર્જ વસુલ





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૫.૧૭૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૬,૩૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૨.૪૪૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૩૦૦નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૦૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૬૦૦નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૭ આસામીઓ પાસેથી ૦.૬૮૦ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૪૪૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.તેમ જણાવ્યુ છે.

## તંત્રી લેખ

# નકલી બિયારણ

જે રીતે બંગાળના અખાતમાં અને પશ્ચિમ ભારતીય છેડે અરબી સમુદ્રમાં વાતાવરણના અકલ્પનીય પલટાઓ દેખાયા છે તે જોતાં આ ચોમાસુ કોઈ પણ આગાહીઓને ન અનુસરે એવું ભેદી રહેશે. સામાન્ય રીતે જૂન મહિના પહેલા હળવો વરસાદ અને પવન ક્યાંક ક્યાંક હોય છે જેને આપણે પ્રિ-મોન્સૂન શાવર એટલે કે વર્ષા પૂર્વેની ઝલક તરીકે ઓળખીએ છીએ. ભારતીય હવામાન ખાતાએ તો ક્યારનીય આગાહી કરી દીધી છે કે ચોમાસુ સારું છે. અલબત્ત, વરસાદ જો ચોક્કસ સમયે અને કૃષિક્ષેત્રની જરૂરિયાત પ્રમાણે સમયાંતરે પણ ન વરસે તો કિસાનોને મન એનો કોઈ મહિમા નથી. આવાં ઘણાં ખાલી પાણીવાળા ચોમાસાઓ તો ખેડૂતોએ અનેકવાર જોયા છે. સરકાર પાસે ચિત્ર જુદું હોય અને વાસ્તવિક્તા જુદી હોય એવું બનવાનું એક કારણ એ છે કે વરસાદ હોય પણ કૃષિ પરિપોષક ન હોય.

આ વરસનું ચોમાસુ ખરેખર તો અણધાર્યું નીવડવાનું છે. જે રીતે સમુદ્ર પર વારંવાર હવાના હળવા દબાણ આકાર લઈ રહ્યા છે અને આંધી તથા ત્રાટક ઝંઝાવાતનાં સ્વરૂપ ધારણ કરતા જાય છે તે જોતાં સારો વરસાદ હોવાની એંધાણી સરકારી સંસ્થાઓએ આપી હોવા છતાં વાદળાઓ બંધાવા અને વરસવાના સંયોગો અનિશ્ચિત છે. સાવધાની દાખવનારા ખેડૂતો જ ફાવી શકે એવા એક કસોટીરૂપ ચોમાસા માટે કૃષિક્ષેત્રએ આ વખતે તૈયાર રહેવાનું છે. સાવધાનીનો બીજો પણ એક વિસ્તાર છે અને તે છે નકલી બિયારણ. જે ખેડૂત એનો ભોગ બન્યો હોય તેની હાલત બહુ દયનીય હોય છે. પોતાની આજુબાજુના બધાં જ ખેતરો કેડ સમાણાં લહેરાતા હોય ત્યારે એના પોતાના ખેતરમાં એક દાણો પણ અંકુરિત થયો ન હોય. આખા પરિવારની આંખમાં અશ્રુનાં તોરણ દેખાય, કારણ કે માત્ર ખોટાં બિયારણને કારણે મોસમ હાથમાંથી સરી જાય અને વરસાદ સારો હોય તોય એના એક ખેતરમાં દુષ્કાળ દેખાય.

ગુજરાત સરકારે આ અગાઉનાં વરસોમાં વિવિધ જિલ્લામાં ટીમો બનાવીને નકલી બિયારણના વેપારીઓ પર રાજ્યવ્યાપી દરોડાઓ પાડયા હતા, પરંતુ સમસ્યા એ છે કે આ વેપારીઓ પર ફોજદારી ધારાની કલમો લગાવવામાં આવી ન હતી. આવશ્યક ચીજ વસ્તુધારાની કલમ અને બિયારણ નિયંત્રણ અધિનિયમ-૧૯૮૩ની કલમ-૩ પ્રમાણે ફરિયાદ નોંધવામાં આવે છે. ગુજરાતમાં દરેક ખેત ઉત્પન્ન બજાર સમિતિની આસપાસ નકલી બિયારણના વેપારીઓ શિકારની શોધમાં ગોઠવાયેલા છે. અગાઉનાં વરસોમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં જથ્થાબંધ નકલી બિયારણો વેચાતા રહ્યા છે અને ખેડૂતો એનો ભોગ બનતા રહ્યા છે. સરકાર પાસેથી રોકડ લાભ અને સબસીડી લેવામાં ખેડૂતો એટલા બધા વ્યસ્ત રહે છે કે તેઓ પોતાના મૂળભૂત પ્રશ્નોને જ વીસરી ગયા છે. નકલી બિયારણની જેમ જ નકલી ખાતર પણ આપણા રાજ્યમાં વેચાય છે.

નવાઈ લાગે છતાં હકીકત છે કે મહારાષ્ટ્રના ખેડૂતો આજ સુધીમાં ત્રણ વખત હવામાન ખાતાની નકલી આગાહીઓનો ભોગ બનેલા છે. સમગ્ર દેશમાં એક માત્ર મરાઠી ખેડૂત એવો છે, જે હવામાન ખાતાની કોઈ જ આગાહી પર હવે વિશ્વાસ રાખતો નથી, કારણ કે એક જ મોસમમાં ત્રણ-ત્રણ વાર વાવણી કરવાના તેનાં છેલ્લાં ત્રણ વરસના અનુભવો છે જેની અદાલતી તપાસ અત્યારે ચાલુ છે અને કેટલાક સરકારી હવામાનશાસ્ત્રીઓ અને બિયારણ કંપનીઓ વચ્ચેના આર્થિક લેતીદેતીના સંબંધો એ પ્રકરણમાં બહાર આવેલા છે. બિયારણમાં મરાઠી ખેડૂતને છેતરી ન શકાયો તો અસલી બિયારણ આપીને પછી નકલી આગાહીઓ કરાવીને ત્રેવડી વાવણી કરાવી સંબંધિત બિયારણ કંપનીઓએ પોતાનું કરોડોનું ટર્નઓવર ત્રણ ગણું કરી નાખ્યું! ખેડૂત સમાજ એક એવો સમાજ છે કે અનેક કિસ્સાઓમાં તે જ્યારે છેતરાઈ જાય છે ત્યારે સામુહિક રીતે છેતરાય છે.

# રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ભાજપના ધારાસભ્યો-સાસંદસભ્યોનો પન્નો ટુંકો પડ્યો

## કોંગ્રેસ અગ્રણીઓ અશોકસિંહ વાઘેલા, રોહીતસિંહ રાજપૂત,સુરેશ બથવારના ભાજપ સરકાર પર પ્રહારો




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

કોંગ્રેસના લીગલસેલના ચેરમેન અશોકસિંહ વાઘેલા,પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂત અને પ્રદેશ અગ્રણી સુરેશ બથવારે આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે, રૂ.૧૪૦૦ કરોડના પ્રજાના ટેક્ષના પૈસા ખર્ચીને ભાજપના મધ્યપ્રદેશના એક મોટા નેતાઓના મળતિયાઓને ઈન્ટરનેશનલ એરપોર્ટનો કોન્ટ્રાક્ટ આપી ખટાવી દેવામા આવ્યા પરંતુ સૌરાષ્ટ્રની જનતાને ઈન્ટરનેશનલ કક્ષાનુ એરપોર્ટ મળ્યુ નહી અને સુવિધાઓ ડોમેસ્ટિક એરપોર્ટ જેટલી પણ નથી અને કરોડોના ખર્ચ પછી ભ્રષ્ટાચારની સાક્ષી પુરતુ થોડા સમય પહેલાં સામાન્ય વરસાદમા કેનોપીનુ ડોમ ધરાશાયી થયુ હતુ આ ગંભીર બેદરકારી બાબતે પણ હજુ શુધી તંત્ર દ્વાર કોઈ સામે પગલાઓ ભરવામા આવ્યા નથી.ચુંટણીઓમા મત લેવાની લાલચમા વડાપ્રધાનના હસ્તે ઉતાવળે લોકાર્પણ કરી ભાજપના નેતાઓ જેને ઉર્જા નુ પાવરહાઉસ કહ્યુ હતુ તે કરોડો રૂપિયા ભ્રષ્ટાચારનુ કેન્દ્રહાઉસ બન્યુ છે.એરપોર્ટ ઓથોરિટીએ એ જ વાતનો સ્વીકાર કર્યો છે કે ઈન્ટરનેશનલ કક્ષાની સુવિધાઓતો ઠીક ડોમેસ્ટિક ફ્લાઇટની સેવામા પણ અનેક ક્ષતિઓ રહેલી છે ત્યારે રાજકોટનુ રેસકોર્સ સ્થિત જુનુ એરપોર્ટ સમગ્ર સૌરાષ્ટ્ર સાથે બસ ટ્રેન વ્યવહાર સાથે જોડાયેલુ અને જનતાને અનુકુળ હતુ ત્યારે ઈન્ટરનેશનલ એરપોર્ટના નામે અબજો આંધણ બાદ લોકો ને ૩૬ કીમી દુર ધક્કા ખાવાના ટ્રાફિક ટ્રાન્સપોર્ટ સહીતની સમસ્યાઓનો સામનો કરવો પડે છે ત્યારે ભાજપની માનસિકતા પ્રજાને જે કરવુ હોય તે કરે ભલે ભાડમા જાય પણ આપણે આપણો ફાયદા જોવોનો,અંગત મળતિયાઓને ફાયદો પહોચાડી કમલમ કાર્યાલયો માલામાલ થવા જોઈએ આજ ભાજપની નિતીરીતી રહી છે.અમદાવાદ સ્થિત રહેલ અદાણી એરપોર્ટને કોઇ જાતનુ નુકશાન ના પહોંચે માટે રાજકોટ એરપોર્ટને ઈન્ટરનેશનલ ફ્લાઇટોનું કનેક્શન જાણી જોઈને અપાતુ નથી એ હવે પ્રજાએ સમજવુ પડશે અને ખોબલે ખોબલે મતોથી ચુંટાયેલા ભાજપના ધારાસભ્યો,સંસદસભ્યો પાસે જવાબ માંગવો પડશે અને તેમને કહેવુ પડશે કે પક્ષને અને તેના મળતિયાઓ ને જે લાભો અપાવો છો તે સારી સુવિધાઓના લાભ પ્રજાને કયારે અપાવશો ? ક્યાંક રાજકોટના જૂના એરપોર્ટની અબજોની કીમંતની જમીનો પોતાના મળતિયાઓને ખટાવવા જલ્દીથી એરપોર્ટનુ સ્થળાંતર નથી કર્યું ને તેવા વેધક સવાલો ઉભા કરીને આકરા પ્રહારો કર્યા હતા.

# જુગાર રમતા ૧૦ ઝડપાયા

રાજકોટ, તા.૧૨

ભાયાવદર અને સમઢીયાળામાં પત્તા ટિંચતા ૧૦ ઝડપાયાં હતાં. પોલીસે રોકડ રૂ.૧૨ હજાર કબ્જે કરી કાર્યવાહી કરી હતી. મળતી વિગત મુજબ ભાયાવદર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ભાયાવદર દરબારગઢ પાસે રૂપવટી નદી કાઠે જાહેરમાં જુગાર રમતા મયુર ઉર્ફે લાલો કાનાભાઇ ભારાઇ, જેન્તી મોહનભાઈ પરસાણીયા, અજીતસિંહ બાબુભા ચુડાસમા, સમભાઈ મેરખીભાઈ રાડા, મહાવીરસિંહ રૂપુભા ચુડાસમા, સહદેવસિંહ કુવરસિંહ ઝાલા (રહે તમામ ભાયાવદર) ને દબોચી લીધા હતા. પોલીસે રોકડ રૂ.૬૪૩૦ કબ્જે કર્યા હતા.

આ ઉપરાંત વિંછીયા પોલીસે વિંછીયા-સમઢીયાળા રોડની બાજુમાં વિરજી મોહનભાઈ ધોરીયાની વાડીના લીંબડાના ઝાડ નિચે જુગાર રમતાં વિરજી મોહનભાઈ ધોરીયા (રહે.સમઢીયાળા), અર્જુન ધીરૂભાઈ બારૈયા, અશોક હકાભાઈ શેખ, કિશોર હકાભાઈ રાજપરા (રહે. વિંછીયા) ને પકડી પાડયા હતા. પોલીસે રોકડ રૂ.૫૫૬૦ કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિના મૂલ્ય રોપા વિતરણ અને વૃક્ષ રોપણ કાર્યક્રમનુ આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન રાજકોટ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ અને સંકલ્પ મુજબ રાજકોટના ભક્તિનગર સર્કલ પાસે આવેલ ઓમ રેસ્ટોરન્ટ મેઘાણી રંગ ભવન સામે ૮૦ ફૂટ રોડ ખાતે એક વૃક્ષ માતાને નામ મિશનને આગળ વધારવા માટે તારીખ ૧૪ ૭ ૨૦૨૪ રવિવારે સવારે ૬:૩૦ વાગ્યે રોપા વિતરણ અને વૃક્ષારોપણ નો કાર્યક્રમ નું આયોજન પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશનના પ્રમુખ જતિનભાઈ વલ્લભભાઈ તારપરા ના માર્ગદર્શન હેઠળ રાખવામાં આવેલ છે.

પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન સતત પર્યાવરણ અને આરોગ્ય જનજાગૃતિના અનેક સેવા કાર્યો કરતું આવ્યું છે પર્યાવરણને બચાવવાના વધુ એક સુંદર પ્રયત્ન રૂપ એક અનેરૂ સેવા કાર્યનું આયોજન રાખવામાં આવેલ છે. ત્યારે સમસ્ત પર્યાવરણ પ્રેમીઓને નમ્ર વિનંતી કે ચાલો સૌ સાથે મળીને એક પ્રણ લઈએ એક વૃક્ષ હું પણ મારી માતાના નામે વાવી ઉછેર કરીશ અને તેનું જતન પણ કરીશ.

પર્યાવરણ બચાવવાનાં પ્રયત્ન સાથે આ કાર્યક્રમમાં જોડાઈને રાષ્ટ્ર સેવાના કામમાં પણ સહભાગી થવાનું અનેરૂ સૌભાગ્ય પ્રાપ્ત કરીએ અને આ અંતર્ગત સૌને આ રોપા વિતરણ અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં શહેરીજનો ને લાભ લેવા માટે અનુરોધ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જતીન તારપરા, ભૂમિ તારપરા, હિરલ કપુરીયા, હસમુખ ડોબરીયા, યજ્ઞેશ ચોવટીયા, ગૌરવ પાદરીયા, મહેન્દ્ર અકબરી, ધવલ મોલિયા, કલ્પેશ નસીત, હર્ષિલ મોલિયા, ધર્મેશ સગપરીયા, કૌશિક કપૂરીયા તથા મિત્ર મંડળ જહેમત ઉઠાવી રહ્યા છે.તેમ જણાવ્યુ છે.

# કેન્સરના દર્દીઓ માટે પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પનુ આયોજન

## દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે નિઃશુલ્ક મો અને ગળાના કેન્સર નિદાન કેમ્પનો લાભ તથા પેશન્ટને એક્સપર્ટ ઓપિનિયનનો લાભ મળશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગજરાતની નામાંકિત આસ્થા ઓન્કોલોજી એશોશિયેટસ હેલ્થ કેર ગ્લોબલ (HCG)નાં સંયુકત ઉપક્રમે છેલ્લા એકદસકાથી સમગ્ર વિશ્વને ભરડામાં લઈ લેનાર રોગ કેન્સરને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે ''કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'' હાથ ધરાયો છે. પુજીત રૂપાણી ટ્રસ્ટના ઉપક્રમે આ નિદાનની સેવાનો રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર તથા કચ્છના પેશન્ટ પણ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવી લાભ લઈ શકશે. પરિણામે તેમનો અમદાવાદ જવા આવવાનો ખર્ચ તથા સમય બચી જશે.

જે અંતર્ગત તા.૧૩/૦૭ને શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો.પરિન પટેલ પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ ''કિલ્લોલ'', ૧-મયુરનગર, રાજકોટ મહાનગર પાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ (ફોનનં.૨૭૦૪૫૪૫) ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. જેનો સમય સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધીનો રહેશે. રજિસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે.

આ કેમ્પમાં ગુજરાતના સુપ્રતિષ્ઠિત તબીબ ડો.પરિન પટેલ સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાંના કેન્સરનું નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

સાથોસાથ અચાનક દેખાદેતા આ રોગને ઉગતો જડામવા માટે તેના ચિહનો ઓળખી લઈ અગાઉથી નિદાન કરી લેવાથી તેને મહાત કરવાનું સરળ થઈ જાય છે. માટે નીચે દર્શાવેલા લક્ષણો પૈકી કોઈપણ એક દેખાય તો પણ લેશમાત્ર આળસ કે બેદરકારી દાખવ્યા સિવાય નિદાન કરાવી લેવું જોઈએ. આ લક્ષણો નીચે મુજબ છે.લાંબા સમયથી ન રૂઝાતું ચાંદુ, લાંબો સમય અવાજ બેસી જવો, ખોરાક-પાણી ગળવામાં પડતી તકલીફ,ગળામાં સતત દુખાવો ચાલુ રહેવો.

વર્તમાન સમયમાં ખોટા પ્રકારની લાઈફ સ્ટાઈલ તથા અતિ ખર્ચાળ મેડીકલ ટ્રીટમેન્ટ વચ્ચે કઈ કઈ સાવચેતી રાખીને કેન્સરથી બચી શકાય અને થયું હોય તો વિનામુલ્યે નિદાન કરાવી મહામૂલી જીદગી બચાવી શકાય તે માટે હવે શહેરમાં શરૂ થનારી ઝુંબેશનો લાભ એક્સપર્ટ ઓપીનીયન દ્વારા દર મહિને બે વાર મેળવી રાજકોટ, સૌરાષ્ટ્ર તથા કચ્છના પ્રજાજનો નિશ્ચિંત બની શકશે.

ઉલ્લેખનીય છે કે આરોગ્યક્ષેત્રે જરૂરિયાતમંદ પ્રજાજનોની સેવાઓ માટે પુજીત રૂપાણી ટ્રસ્ટના મુખ્ય બિલ્ડીંગમાં OPD સેન્ટર પણ કાર્યરત છે. જેમાં માત્ર દસ રૂપિયામાં નિદાન તથા સારવારનો લાભ મેળવી શકાય છે તથા શહેરના નિષ્ણાંત તબીબોની સેવાઓ પણ મેળવી શકાય છે. દર બુધવારે સવારે ૯ થી ૧૨ વિનામૂલ્યે નિદાન તથા સારવાર મેળવી શકાય છે. આ ઉપરાંત ટ્રસ્ટમાં રાહતદરે લેબોરેટરી, એકસ-રે તથા ફિઝીયોથેરાપીની સુવિધાઓ ઉપલબ્ધ છે.

ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાં ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ રૂપાણી, અંજલિબેન રૂપાણી, રંજનબેન રૂપાણી, મહેશભાઈ ભટ, મેહુલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી તથા અમીનેશભાઈ રૂપાણી સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ચાલતા આ પ્રોજેકટમાં સેવાઓ આપવા માટે ટ્રસ્ટની મેડીકલ કમિટીના મેમ્બર્સ અંજલિબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ પટેલ તથા બિપીનભાઈ વસા કાર્યરત છે.તેમ જણાવ્યુ છે.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા વડીલ વંદના કાર્યક્રમ -૨૦૨૪નુ આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

યુવા સેના ટ્રસ્ટ રાજકોટ દ્વારા 'માનવ સેવા એ જ પ્રભુ સેવા' સુત્રને છેલ્લા ૧૨ વર્ષથી સાર્થક કરી રહી છે. જેમાં અનેકવિધ સેવાકિય પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે અમારી રાજકોટની માત્ર એવી એક સંસ્થા યુવા સેના ટ્રસ્ટ જે ઘરમાં વડીલો બિમાર રહેતા હોય અને પથારીવશ તથા ઉમર ને કારણે ઘરની બહાર ન નીકળી શકતા હોય તેવા વડીલો માટે ઘેર બેઠા વડીલ વંદના ૨૦૨૪ સુધી (વડીલોનું સન્માન) કરવામાં આવશે.દ્વારા સમાજને નવી રાહ મળે અને ભારતીય સંસ્કૃતિનું જતન થાય તે હેતુથી ઘરમાં વડીલોનું તેઓના ઘરે જઈ સન્માન કરાશે. જે વડીલો પોતાના ઘરે લાંબી બિમારી હોય, કમરના દુઃખાવા હોય, ઘૂંટણના દુઃખાવા હોય, પેરાલીસીસ હોય, અસ્થીર મગજ હોય તથા અન્ય કોઈ એવી બિમારી વડીલોને હોય જે વડીલોનું સન્માન રાજકોટની યુવા સેના ટ્રસ્ટ તેઓના ઘરે જઈ અને આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ માન-સન્માન, આદર આપવું એ આપણી નૈતિક ફરજમાં આવે છે. જે યુવા સેના ટ્રસ્ટ એવા વડીલોનું તેઓના ઘરે જઈ સન્માન કરશે.

જેઓ પોતાના વડીલોનું સન્માન કરાવવા માંગતા હોય તેઓએ અમારી ઓફિસ, 'સેવાભવન', ભોલેનાથ સોસાયટી, શેરી નં. ૪, અંકુર વિદ્યાલય મેઈન રોડ, ગુરૂપ્રસાદ ચોકની બાજુમાં, રાજકોટ ખાતે સોમ થી શુક્ર સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન રૂબરૂ આવી ફોર્મ ભરી જવાનું રહેશે. (રવિવારે સેવા કાર્યાલય બંધ રહેશે.) તેમજ ફોર્મ ભરવા આવો ત્યારે જે વડીલોનું સન્માન કરવા માંગતા હોય તેઓનો તાજેતરનો પાસપોર્ટ ફોટો, તેમજ આધારકાર્ડ સાથે લાવવાનું રહેશે. ફોર્મ ભરાયા બાદ અમારી સંસ્થા દ્વારા આપના વડીલનું સન્માન માટેનો સમય તથા તારીખ આપવામાં આવશે.

યુવા સેના ટ્રસ્ટ તરફથી વડીલોને સન્માન પત્ર, ખેશ, તેમજ શુભેચ્છા ભેટ આપવામાં આવશે. તેમજ આપના વડીલનો સન્માન કરતો ફોટોગ્રાફ (ફ્રેમ સાથે) સંસ્થા તરફથી આપને આપવામાં આવશે.

ઉપરોકત વધુ વિગત માટે સંસ્થાના ના પ્રમુખ ૯૯૧૩૩ ૧૦૧૦૦ તથા કાર્યાલય ૮૪૬૦૬ ૯૬૧૦૮ પર સંપર્ક કરી શકશો.તેમ જણાવ્યુ છે.

# અગાઉના ઝઘડાનો ખાર રાખી ધંધાર્થી પર ત્રણ શખ્સોનો હુમલો



રાજકોટ, તા.૧૨

જેતપુરના બોરડી સમઢીયાળા ગામમાં ગાંઠિયાના ધંધાર્થી પર અગાઉના ઝઘડાનો ખાર રાખી ત્રણ શખ્સોએ હિચકારી હુમલો કર્યો હતો. દુકાન ખોલીસ તો મારવો પડશે કહી ધમકી આપી નાસી ગયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી પરેશભાઈ બાવચંદભાઈ કાપડીયા (ઉ.વ.૫૧, રહે. જેતપુર ખોડપરા રૂપાવાડી તા. જેતપુર) એ મહેન્દ્ર રામકુભાઈ દરબાર, મહેન્દ્ર ઉર્ફે મેંદો, અને અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે પોતે બોરડી સમઢીયાળા ગામે હીંગળાજ ગાઠીયા નામની દુકાન ચલાવે છે.ગત તા.૦૭/૦૭/૨૦૨૪ ના રોજ રાત્રીના દસેક વાગ્યે તેમનાં ઓળખીતા રવિભાઈ તેના ફેમેલી સાથે મારી દુકાને નાસ્તો કરવા આવેલ. ત્યારે આ મહેંદ્ર રામકુભાઈ તથા મહેંદ્ર ઉર્ફે મેંદો બંન્ને મારી દુકાન ઉપર તેની કાર આવવા દેતા. રવિભાઇ સાથે બોલાચાલી થયેલ જેમા હુ વચ્ચે પડતા મારી સાથે પણ બન્નેએ બોલાચાલી કરી હતી. જેનો ખાર રાખી ગઈ કાલ સાંજના છ એક વાગ્યે પોતે પોતાની દુકાને ગાંઠીયાની ચટણી બનાવતો હતો.

ત્યારે પોતાની દુકાન આગળ એક સફેદ કલરની સ્વિફ્ટ કાર આવેલ તેમાંથી મહેંદ્ર રામકુભાઇ દરબાર (રહે. વાડાસડા) અને મહેંદ્ર ઉર્ફે મેંદો (રહે.જેતપુર) તેમજ એક અજાણ્યો શખ્સ ધસી આવી મને જેમ ફાવે તેમ અપશબ્દો બોલી લાકડી વડે માર મારવા લાગેલ.અને કહેવા લાગેલ કે હવે તું દુકાન ખોલીસ તો મારવો પડશે. તેમ કહી દુકાનમાં ટેબલ ઉપર ધોકા પછાળવા લાગેલ. બાદ ત્રણેય ઇસમો ત્યાથી જેતપુર તરફ જતા રહેલ. બાદ મને ૧૦૮ મારફત જેતપુર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બાદ ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યાં હતા. બનાવ અંગે જેતપુર તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લગ્નજીવનની પચાસમી (સુવર્ણ જયંતિ) નિમિતે

# શ્રી માં અંબા પરિવાર નડીયાદ દ્વારા આનંદનો ગરબોનું આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૨

બી.એસ.એન.એલ. ના નિવૃત કર્મચારી બાબુસીંગ રામપ્રસાદ બિસ્ટ કે જેઓ પબ્લીક રીલેશન ઓફીસર તરીકે ખંતપુર્વક ફરજ બજાવેલ અને જેઓને બી.એસ.એન.એલ. ખાતા તરફથી નોકરી દરમ્યાન ' સંચાર સારથી એવોર્ડ ' થી સન્માનીત કરવામાં આવેલ હોય તેમજ જેઓના પત્ની વર્ષાબેન બાબુસીંગ બીસ્ટ આ બંનેના લગ્નજીવનના પુર્ણ થયેલ પચાસ વર્ષને વિશિષ્ટ રીતે ધાર્મિક કાર્યક્રમથી ઉજવવા માટે તેઓના સંતાનો , શીતલ કિરણકુમાર ખત્રી , ગીતલ અનિલકુમાર ગૌતમ ,જલ્પા સાગરભાઈ ખત્રી ,પ્રશાંત બાબુસીંગ બીસ્ટ વિગેરે દ્વારા નડીયાદ જીલ્લાના પ્રસિધ્ધ શ્રી માં અંબા પરિવાર દ્વારા '' આનંદનો ગરબો '' નું આયોજન કરવામાં આવેલ છે તેમજ કાળીપાટ ખાતે આવેલ '' માં ગૌરી ગૌશાળા '' ની ગૌમાતાઓને ભોજન કરાવી તેમના આર્શીવાદ મેળવેલ છે. આ શુભ પ્રસંગે બી.આર.બીસ્ટ ને તેમના પરિવારજનો, મિત્રો, સગા, સ્નેહીજનો વિગેરે દ્વારા ૯૪૨૯૦ ૪૪૯૫૫ ઉપર શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.તેમ જણાવ્યુ છે.

કોંગ્રેસ દ્વારા શહેરના માર્ગો પરના ખાડા બાબતે કરાયેલ આક્ષેપોનો સણસણતો જવાબ આપતા મહાનગરપાલિકાના ખાસ સમિતિ ચેરમેનઓ

# ભાજપના શાસનમાં શહેરમાં અનેકવિધ વિકાસ કાર્યો થયા છે






રાજકોટ,તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઇ પટેલ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઇ પાંભર, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઇ દેથરીયા એક સંયુકત યાદીમાં જણાવે છે કે, રાજકોટ શહેરની જનતાએ ભારતીય જનતા પાર્ટીમાં અભૂતપૂર્વ વિશ્વાસ રાખી, ભાજપને લાગલગાટ ૪૫ વર્ષ સુધી શહેરના શાસનની ધુરા સોપેલ છે. રાજકોટના શહેરીજનોએ કોંગ્રેસને શાસનની ફક્ત એક વખત તક આપેલ હતી, જેમાં પણ કોંગ્રેસ શહેરીજનોનો વિશ્વાસ ગુમાવી ચુકેલ છે. ભાજપ શાસિત મહાનગરપાલિકા દ્વારા રાજકોટના શહેરીજનોની તેમજ આસપાસના વિસ્તારના રહેવાસીઓની સુખાકારી માટે હરહંમેશ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેના ફળસ્વરૂપે રાજકોટ શહેરને અદ્યતન સુવિધાયુક્ત એઇમ્સ, ઓવરબ્રીજ તેમજ અન્ડરપાસ, શહેરમાં સી.સી.ટી.વી. કેમેરા નેટવર્ક, અટલ સરોવર, નવુ રેસકોર્ષ, રામવન અર્બન ફોરેસ્ટ, અદ્યતન કોર્ટ બિલ્ડીંગ, અદ્યતન જનાના હોસ્પિટલ, ઇલેક્ટ્રીક બસો, સહિતના પ્રોજેકટની ભેંટ આપવામાં આવેલ છે.આ ઉપરાંત, રાજકોટ મહાગરપાલિકાના ભારતીય જનતા પાર્ટીના તંત્રવાહકો દ્વારા શહેરીજનોના પ્રશ્નોના ઝડપી અને ત્વરિત નિકાલ માટે અલગથી કોલ સેન્ટર ફરીયાદ નિકાલ વિભાગ, વોટસએપ, ટોલ-ફ્રી નંબર, વેબ-પોર્ટલ, ઇ-મેઇલ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.કોંગ્રેસ દ્વારા શહેરના વિકાસકામોમાં હરહંમેશ રોડા નાંખવામાં આવી રહ્યા છે. કોંગીજનો દ્વારા અખબારી માધ્યમો મારફત પાયા વગરની જાહેરાતો કરી, શહેરીજનોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે, જેને કેતનભાઇ પટેલ, સુરેન્દ્રસિંહ વાળા, અશ્વિનભાઇ પાંભર, ભાવેશભાઇ દેથરીયા દ્વારા સખત શબ્દોમાં વખોડી કાઢેલ છે. કોંગીજનો દ્વારા રોડ-રસ્તા પર પડેલ ખાડાઓ બુરવા બાબતે જનતાને ગેરમાર્ગે દોરતી જાહેરાત કરવામાં આવી તેની સામે વળતો જવાબ આપતા ચારેય ખાસ સમિતિના ચેરમેનઓ જણાવે છે, કે કોંગ્રેસનુ શાસન હમેંશા ''પેપર ટાઇગર'' પુરવાર થયુ છે. જયારે ભાજપના સુશાસન હેઠળનુ રાજકોટ મહાનગરપાલિકાનું તંત્ર વરસાદી ઋતુ દરમ્યાન પણ સતત કાર્યરત રહી, જાહેર માર્ગો પર પડેલ ખાડા ઝડપથી બુરી, સમસ્યાનો નિકાલ કરી રહયુ છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે, છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન ઋતુચક્રોમાં થયેલ ફેરફારને કારણે શહેરમાં પડતા વરસાદના જથ્થાં અને વરસાદની તીવ્રતામાં પણ વધારો થયેલ છે. આ સંજોગોમાં પણ મહાનગરપાલિકા તંત્ર દ્વારા ચોમાસાની ઋતુ દરમિયાન રસ્તા પરના ખાડાઓ બુરવા માટે મોરમ, ટાંચ વિગેરેનો ઉપયોગ કરી રસ્તા પરના ખાડાની સમસ્યા દુર કરવામાં આવે છે. તેમજ ચોમાસાની ઋતુ પૂર્ણ થાય કે તુરંત શહેરના માર્ગો પર મંજુર થયા મુજબ પેવરકામ શરૂ કરવામાં આવનાર છે. વિશેષમાં, રાજકોટ શહેરના દરેક વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલ જનપ્રતિનિધિઓ હરહંમેશ જાગૃત રહીને શહેરીજનોની નાની-મોટી દરેક સમસ્યાઓનો સત્વરે નિકાલ થઇ રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ સમયે કોંગ્રેસીઓ દ્વારા લોકોને ખોટી જાહેરાત કરીને ભરમાવવાની પ્રવૃત્તિ નિંદનીય છે. શહેરીજનોએ આ પ્રકારની અફવાઓથી નહીં ભરમાવા અંગે આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી કેતનભાઇ પટેલ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઇ પાંભર, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઇ દેથરીયા ચારેય કોર્પોરેટરઓએ અપીલ કરેલ છે.

પુરૂષાર્થ યુવક મંડળ દ્વારા

## કાલે સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો સન્માન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

પુરૂષાર્થ યુવક મંડળ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ધ્યેયથી સમગ્ર ઉપલાકાંઠાની સરકી પ્રાથમિક શાળા નં. ૧૩-૧૪-૧૫-૨૩-૨૯-૩૨-૪૩-૪૬-૬૬-૬૭-૭૧-૭૨-૭૬-૭૭-૭૮-૮૯બી-૯૬-૯૭ -૧૦૦ ના ધોરણ ૧ થી ૮ માં શાળા પ્રથમ આવેલ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ તા. ૧૩-૭-૨૦૨૪ ને શનિવાર સવારે ૯-૦૦ કલાકે પૂ. રણછોડદાસજી મહારાજ પ્રાથમિક શાળા નં. ૧૫ ખાતે યોજવામાં



આવેલ છે. તો તમામ શાળાના વિદ્યાર્થીઓએ ઉપસ્થીત રહેવા સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ રાઠોડની યાદીમાં જણાવવામાં આવે છે.

સર્વે વિદ્યાર્થીઓને સ્વ. મનુભાઈ કાનજીભાઈ રાઠોડતથા સ્વ. ચનાભાઈ પૂંજાભાઈ ચૌહાણની સ્મૃતિમાં શિલ્ડ, દોલતભાઈ રાઠોડ તથા રમેશભાઈ ચૌહાણ તરફથી આપવામાં આવશે. તથા સર્વે બાળકોને નાસ્તો સ્વ. મિનલ પરસાણાની સ્મૃતિમાં (શાઇન આર્ટ ગૃપ તરફથી) તેમજ કૌશિકભાઈ રૂપાપરા, યોગશ્વરભાઈ પાંચાણી, સંપતરાવમાને, ભતભાઈ સોણી તથા દિલીપભાઈ ચૌહાણ તરફથી સર્વે વિદ્યાર્થીઓને આકર્ષક ગીફટ આપવામાં આવશે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સર્વે ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થીત રહેશે.તેમ કિશોરભાઇ રાઠોડએ જણાવ્યું હતું.

## રાજ્યમાં ૨૨૩.૩૭ મી.મી. વરસાદ વરસ્યો : પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

અમદાવાદ,તા.૧૨

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં વરસાદ અને કૃષિ પાકોના વાવેતરની પરિસ્થિતી વિશે પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં તા. ૧૦ જૂલાઈની સ્થિતીએ કુલ ૨૨૩.૩૭ મી.મી. વરસાદ વરસ્યો છે જે સરેરેશ વરસાદના ૨૫.૩૦% છે. જેમાં રાજ્યના ૮૯ તાલુકાઓમાં ૫૧થી ૧૨૫ મી.મી., ૮૨ તાલુકાઓમાં ૧૨૬થી ૨૫૦ મી.મી., ૫૪ તાલુકાઓમાં ૨૫૧ થી ૫૦૦ મી.મી. જ્યારે ૨૪ તાલુકાઓમાં ૫૦૧ થી ૧૦૦૦ મી.મી. વરસાદ નોંધાયો છે.કૃષિ પાકોની વાવેતરની સ્થિતી અંગે વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે,ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૪૦.૨૬ લાખ હેક્ટર એટલે કે, ૪૭.૦૪% જમીનમાં વાવેતર થયું છે. જેમાં મગફળીના પાકનું ૧૪.૦૯ લાખ હેક્ટરમાં, કપાસનું ૧૮.૬૦ લાખ હેક્ટરમાં, તેલીબીયાનું ૧૮.૭૫ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. ચાલુ ખરીફ ઋતુમાં વિવિધ પાકોની વાવેતરમાં વધારા સહ વેગ આવવાની પુરતી સંભાવવા છે. બિયારણના જથ્થા વિશે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખરીફ ૨૦૨૪ ઋતુમાં મુખ્ય પાકો જેવા કે ડાંગર, મકાઈ,બાજરા, મગ, અડદ, તુવેર,મગફળી, તલ, દિવેલા, સોયાબીન અને કપાસ જેવા પાકોની કુલ ૧૩,૨૦,૨૪૦ ક્વિન્ટલ બિયારણની જરૂરિયાત સામે રાજ્યમાં ૧૫,૪૫,૦૬૫ ક્વિન્ટલ બિયારણનો જથ્થો ઉપલબ્ધ છે. આમ આ સીઝન માટે વાવેતર હેતુ બિયારણનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

## 'ઓનલાઇન સેવાકીય વિચાર પ્રસ્તુતિ સ્પર્ધા'નાં પરિણામો જાહેર

પ્રથમ ક્રમાંકે નિયતિ કાનાણી, દ્વિતીય ક્રમાંકે નિત્ય હપાણી અને તૃતીય ક્રમાંકે માર્ગી ડોબરિયા થયા વિજેતા





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

સમસ્ત મહાજન, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન,રાજકોટ તથા સાહિત્ય ગઝલ કવિતા ગૃપના સંયુક્ત ઉપક્રમે 'ઓનલાઇન સેવાકીય વિચાર પ્રસ્તુતિ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેકેશનનાં સમયમાં બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું જાહેર કરવામાં આવી હતી. આ અંગે 'હું પશુ પક્ષીની સેવા કરું છું કારણકે...', 'હું વૃક્ષો વાવું છું, ઉછેરું છું કારણકે', 'હું જીવમાત્ર પ્રત્યે કરુણા રાખું છું, કારણ કે...' વગેરે વિષયો પર નિબંધ, ગીત, કાવ્ય, નાટ્ય (ગ્રુપ/સિંગલ), અર્વાચીન ગીતો, સાહિત્યના અનેક પ્રકારો (દુહા, છંદ, ગઝલ, હાઇકુ, ઇત્યાદિ), મોનો એક્ટિંગનો વધુમાં વધુ ૫ મિનિટનો વિડિયો બનાવીને મોકલવાનો હતો. જે અંતર્ગત ગુણવત્તાની દ્રષ્ટીએ તેમજ ૫,૨૦૦ વ્યુઝ સાથે પ્રથમ ક્રમાંકે નિયતિ કાનાણી, ૧,૯૦૦ વ્યુઝ સાથે પ્રથમ ક્રમાંકે નિત્ય હપાણી અને ૯૫૪ વ્યુઝ સાથે તૃતીય ક્રમાંકે માર્ગી ડોબરિયા વિજેતા થયા છે. અત્રે ઉલેખ્ખનીય છે કે સમસ્ત મહાજન, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન,રાજકોટ દ્વારા જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસારને લગતા વિવિધ કાર્યક્રમો ડો. ગિરીશ શાહના માર્ગદર્શનમાં અવારનવાર થતા રહે છે.

## છેલ્લા 30 વર્ષથી જન્મદિવસે યોજાતા બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરનાર તમામનો આભાર : નરેશ પટેલ

નરેશભાઇ પટેલના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

વર્ષોથી પોતાના જન્મદિવસને સમાજ સેવામાં સમર્પિત કરીને જરૂરિયાતમંદોને ઉપયોગી બનવાની નેમ સાથે ઉજવણી કરનાર એવા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રણેતા અને જેમની અનેક વખત રક્તતુલા થઈ છે તેવા નરેશભાઈ પટેલનો જન્મદિવસ અવિસ્મરણીય અને યાદગાર બની રહ્યો.. ૧૧ જુલાઈને ગુરુવારના રોજ પોતાના ૫૯ વર્ષ પૂર્ણ કરીને ૬૦મા વર્ષમાં મંગળ પ્રવેશ કરનાર નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદજ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૫૦૦થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કરીને નરેશભાઈ પટેલના જન્મદિવસે યોજાતા આ સેવાના મહાયજ્ઞમાં આહૂતિ આપી હતી. સર્વ સમાજના ભાઈઓ-બહેનોએ રક્તદાન કરીને નરેશભાઈ પટેલના જન્મદિવસને અવિસ્મરણીય અને યાદગાર બનાવ્યો હતો અને સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

નરેશભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, છેલ્લા ૩૦ વર્ષથી મારા જન્મદિવસ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં અત્યાર સુધી હજારો લોકોએ રક્તદાન કર્યું છે ત્યારે આજના દિવસે આ તમામ રક્તદાતાઓ, આયોજકો અને મારા મિત્રમંડળનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

મેગા બ્લડ ડોનેશન કેમ્પની સાથે સાથે સંગઠન અને ટ્રસ્ટીમંડળની એક મીટીંગનું આયોજન કરાયું હતું. જેમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ઉપપ્રમુખ તુષારભાઈ લુણાગરીયાએ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ, શ્રી ખોડલધામ મંદિર ટ્રસ્ટ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટ અને શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથના માળખા અંગે માહિતી આપી હતી. જ્યારે શ્રી ખોડલધામ મંદિર ટ્રસ્ટના ઉપપ્રમુખ ચિરાગભાઈ શિયાણીએ ખોડલધામની વિવિધ સમિતિઓના માળખાની માહિતી આપી હતી અને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રવક્તાશ્રી હસમુખભાઈ લુણાગરીયાએ શ્રી ખોડલધામના વિવિધ ઝોનમાં કાર્યરત સંગઠનના માળખાની માહિતી આપી હતી. આ માળખા સાથે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા વધુ પારદર્શકતાથી કાર્ય થાય અને મજબૂત સંગઠન થકી છેવાડાના વ્યક્તિ સુધી પહોંચીને સમાજનું કામ થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. મીટીંગમાં ઉપસ્થિત શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી અનારબેન પટેલે પણ પોતાના સંબોધનમાં આગામી દિવસોમાં સંગઠનના માધ્યમથી વધુ ને વધુ સમાજલક્ષી કાર્યો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ મીટીંગમાં નરેશભાઈ પટેલે ઉપસ્થિત ટ્રસ્ટીઓ અને કન્વીનરઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા અને વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ આગામી દિવસોમાં રાજકોટ નજીક બની રહેલી શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના કામમાં લાગી જશે અને ઝડપથી આ હોસ્પિટલ સર્વ સમાજના લાભાર્થે નિર્માણ પામે તે દિશામાં પ્રયત્નશીલ રહેશે.

નરેશભાઈ પટેલના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી ખોડલધામ લીગલ સમિતિ-રાજકોટ દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમના સહયોગથી ગત તારીખ ૯ જુલાઈ ને મંગળવારના રોજ શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર (ગામ-અમરેલી) સાઈટ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં નરેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં નરેશભાઈ પટેલ, ટ્રસ્ટીઓ, કન્વીનરઓ, લિગલ સમિતિના તમામ સભ્યો સહિતના લોકોએ હાજરી આપી હતી અને વૃક્ષારોપણ કરીને વૃક્ષોને ઉછેરવાનો સંકલ્પ લીધો હતો.

## જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે દીક્ષારંભ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

તારીખ ૬ જુલાઈના રોજ એફ.વાયનાં નવા પ્રવેશ પામેલાં વિદ્યાર્થીઓ માટે દીક્ષારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. પ્રીતિબેન ગણાત્રાએ વિદ્યાર્થીઓને આવકાર અને કોલેજનો પરિચય આપ્યો હતો. કોલેજના પી. ટી.આઇ. ડો.ભાલિયા, એનએસએસ અને રમતગમત અંગે, ડો. ડોડીયા એબીસીઆઇડી સોફ્ટવેર અંગે, ડો.મીનાબેન મકવાણાએ જોબ ફેર અંગે, ડો.જીનલ બેન સોલંકી એ સાંસ્કૃતિક કાર્યક્રમો અંગે માહિતી પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો .રમેશભાઈ મહેતાએ કરેલું હતું. વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ડો. પ્રીતિ બેન ગણાત્રાનાં માર્ગદર્શન હેઠળ સફળ રહ્યો હતો.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અભિયાન અંતર્ગત

## "શાળા બાળ આરોગ્ય ચકાસણી" કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે વોર્ડ નં.૧૪માં ૯/૧૦ માસ્તર સોસાયટી, ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, ૮૦ ફૂટ રોડ, રાજકોટ ખાતે આવેલ શ્રી કસ્તુરબા હાઈસ્કુલ ખાતે શાળા બાળ આરોગ્ય ચકાસણી કાર્યકમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સાંસદ પરસોતમભાઇ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, પ્રમુખ IMA (ગુજરાત) ડો.ભરતભાઈ કાકડીયા (ઈ.એન.ટી. સ્પેશ્યાલિસ્ટ) સહીતના ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો. આ કાર્યક્રમના અદ્યક્ષ સ્થાને મેયર



નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં સાંસદ પરસોતમભાઇ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, માધ્યમિક શિક્ષણ અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, સેનિટેશન સમિતિના ચેરમેન નીલેશભાઈ જલુ, પ્રમુખ IMA (ગુજરાત) ડો.ભરતભાઈ કાકડીયા (ઈ.એન.ટી. સ્પેશ્યાલિસ્ટ) અને શહેર ભાજપ ઉપપ્રમુખ ડો.ચેતન લાલચેતા, કોર્પોરેટરઓ ડો.દર્શનાબેન પંડ્યા, ભારતીબેન મકવાણા, વોર્ડ પ્રમુખ મહેશભાઈ મિયાત્રા, વોર્ડ મહામંત્રી કેયુરભાઈ મશરૂ અને માનસુરભાઈ વાળા, શહેર મહિલા મોરચાના ઉપપ્રમુખ વૈશાલીબેન મહેતા, આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણી, આર.સી.એચ.ઓ. ડો.લલીત વાજા તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો અને બાળાઓ તથા વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# આરોપીને સાથે રાખી ઘટનાનું રી-કન્ટ્રકશન

## નવાગામની ૧મેની ઘટનામાં ૧૭ વર્ષના હર્ષનું મોત હાર્ટએટેકથી નહિ પણ હુમલાથી થયાનું ખુલ્યા બાદ કુવાડવા પોલીસે ૩૦૪ મુજબ ગુનો નોંધ્યો

રાજકોટ,તા.૧૨

શહેરના કુવાડવા રોડ પર નવાગામમાં બે મહિના પહેલા તા.૧ મેના રોજ એક ગોડાઉનમાં સંત કબીર રોડ પર ગોકુલનગરમાં રહેતો ૧૭ વર્ષનો હર્ષિલ કમલેશભાઇ ગોરી એકાએક ઢળી પડયો હતો. ત્યાંથી તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેને તબિબે મૃત જાહેર કર્યો હતો. જે તે વખતે આ ઘટના હાર્ટએટેકની હોવાની પોલીસે નોંધ કરી એ.ડી. દાખલ કરી કાર્યવાહી પુરી કરી હતી. પરંતુ આ ઘટનામાં મૃત્યુ પામનારના કુટુંબી પાસે જ્યાં બનાવ બન્યો તે સ્થળના સીસીટીવી ફૂટેજ સામે આવતાં તેમાં હર્ષિલ ઢળી પડયો એ પહેલા તેની સાથે મારામારી થયાનું જણાતાં આ મામલે કુવાડવા પોલીસને રજૂઆત થતાં અંતે પોલીસે મૃતકના પિતા કમલેશભાઇ માવજીભાઇ ગોરી-ભાનુશાળી (ઉ.વ.૪૭)ની ફરિયાદ પરથી સુશિલ ઉર્ફ સુતલો સુખાભાઇ હેરભા (ઉ.વ.૨૪, રહે. મોરબી રોડ રાજલક્ષ્મી સોસાયટી) વિરૂધ્ધ આઇપીસી ૩૦૪, ૩૩૭ મુજબ સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધ્યો છે. આરોપીની ધરપકડ કરી સાંજે તેને ઘટના સ્થળે લઇ જઇ પોલીસ સમગ્ર ઘટનાનું રી-કન્સ્ટ્રકશન કરશે અને ટેકનીકલ પુરાવા એકઠા કરશે. તેમજ રિમાન્ડ માંગણી પણ કરવામાં આવશે.

પોલીસ ફરિયાદમાં કમલેશભાઇ ગોરીએ જણાવ્યું હતું કે મારો ૧૭ વર્ષનો પુત્ર હર્ષિલ નવાગામમાં આવેલા નારણજી પેરાજ ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં નોકરી કરતો હતો. હર્ષિલ તા. ૧ મેના રોજ રાત્રીના લગભગ ૯.૩૦ થી ૧૦ વાગ્યાની આસપાસ આ ગોડાઉન ખાતે નોકરી પર હતો ત્યારે હુ.અને મારા પત્નિ કમળા ગોરી કચ્છ દર્શનાથે ગયા હતાં. રાતે સાડા દસેક વાગ્યે મારા મોટા ભાઇ ભાવેશભાઇએ ફોન કરી કહેલું કે તારા દિકરા હર્ષિલની તબીયત સારી નથી, રાજકોટ સિવિલ હોસ્પિટલે લઇ ગયા છે. આથી અમે તુરત રાજકોટ આવ્યા હતાં. અહિ વહેલી સવારે સાડા પાંચે પહોંચતા જાણવા મળેલુ કે ડોક્ટરે રાતે સાડા બારેક વાગ્યે હર્ષિલને મૃત જાહેર કર્યો છે.

એ પછી હર્ષિલ નોકરી કરતો હતો એ ગોડાઉનના શેઠ શીવજીભાઇએ ફોન કરી મને કહેલું કે હર્ષિલ ટ્રાન્સપોર્ટની ઓફિસે પાણી પીતા પીતા બેભાન થઇ ગયો હતો અને હોસ્પિટલે લઇ ગયા હતાં. તેને હાર્ટએટેક આવી ગયાનું અમને લાગ્યું હતું. જે તે વખતે અમને મૃત્યુ અંગે કોઇ શંકા વહેમ નહોતાં. પણ અંતિમવિધી પુરી થયા બાદ મારા પત્નિએ હર્ષિલ જ્યાં નોકરી કરતો હતો ત્યાંના સીસીટીવી ફૂટેજ ચેક કરવાનું કહેતાં મેં નવાગામ આણંદપર ખાતે ગોડાઉનના શેઠ શીવજીભાઇ ગોરીના ઘરે જઇ ફૂટેજ માંગતા તેમણે તેના દિકરા રોહનને વાત કરતાં રોહને અમને તા. ૧/૫/૨૪ના તમામ ફુટેજે પેનડ્રાઇવમાં આપ્યા હતાં.

આ ફૂટેજ જોતાં તેમાં કેમેરા નં. ૩ના ફૂટજેમાં મારા દિકરા હર્ષિલ પર સાથે કામ કરતો સુશિલ આહિર મોબાઇલ જેવી વસ્તુનો ઘા કરતો દેખાયો હતો. જે તેને માથામાં લાગતાં જ થોડી સેકન્ડોમાં જ મારો દિકરો ઓફિસ બહાર પડી જતો દેખાયો હતો. અમે સિવિલ હોસ્પિટલમાંથી પી.એમ. નોટ મેળવતાં તેનું મોત હાર્ટએટેકથી નહિ પણ માથાના ભાગે થયેલી ઇજાથી થયાનું જાણવા મળ્યું હતું. આ વિગતો જે તે વખતે શીવજીભાઇ ગોરી સહિતે છુપાવી હોઇ અમે પોલીસ કમિશનરને અરજી કરી હતી. તેના આધારે ગુનો દાખલ કરાવ્યો હતો.

ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં પીઆઇ વી.આર. રાઠોડ, અજીતભાઇ લોખીલ અને ટીમ તથા એલસીબી ઝોન-૧ ટીમના પીએસઆઇ બી. વી. બોરીસાગર, વિજેન્દ્રસિંહ ઝાલા સહિતની ટીમે ગુનો નોંધવાની કાર્યવાહી કરી હતી અને આરોપીની ધરપકડ કરી હતી. સુશીલે રટણ કર્યુ હતું કે મોબાઇલ ફોનના ચાર્જીંગ બાબતે બોલાચાલી થતાં અપશબ્દ કહેવાતાં તેણે મોબાઇલ ફોનનો ઘા કર્યો હતો. પોલીસ સુશિલને સાથે રાખી સાંજે ઘટના સ્થળે રી-કન્સ્ટ્રકશન કરશે અને ડીવીઆરના તથા પેન ડ્રાઇવના ફૂટેજ એક જ છે તેની ખરાઇ કરી ટેકનીકલ પુરાવા એકઠા કરશે. સુશિલના રીમાન્ડની તજવીજ પણ કરવામાં આવશે.

# સગીર છાત્રોનો ત્રીજા ધોરણની વિદ્યાર્થીની પર ગેંગરેપ

નવી દિલ્હી,તા.૧૨

આંધ્ર પ્રદેશમાં એક ચોંકાવનારો કિસ્સો બન્યો છે. નંદયાલમાં આઠ વર્ષીય એક તરૂણીની સાથે તેની જ સ્કૂલના ત્રણ સગીર વિદ્યાર્થીઓએ ગેન્ગરેપ કર્યો છે અને તેની હત્યા કરી દીધી છે. હત્યા કર્યા પછી આરોપીઓએ તેના મૃતદેહને નહેરમાં ફેંકી દીધો હતો. આ દુર્ઘટના રવિવારે સાત જુલાઈએ મુચુમરી ગામમાં બની હતી. ૧૦ જુલાઈએ આ કેસનો ખુલાસો થયો છે. પોલીસના જણાવ્યાનુસાર ૧૩-૧૭ વર્ષના સગીર યુવકો તરૂણી સાથે એક જ સ્કૂલમાં શિક્ષણ લેતા હતા. આરોપીઓએ તેને નવા રમતના મેદાનમાં લઈ જવાને બહાને એક સૂમસામ જગ્યાએ લઈ ગયા હતા. પોલીસના જણાવ્યાનુસાર આંધ્ર પ્રદેશના નંદયાલ જિલ્લામાં આઠ વર્ષીય કિશારીની સાથે ત્રણ સગીર યુવકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો અને તેની હત્યા કરી હતી. હત્યા પછી યુવકોએ પુરાવાને નષ્ટ કરવા માટે તેના મૃતદેહને નહેરમાં ફેંકી દીધી હતી. ત્રીજા ધોરણની વિદ્યાર્થિની સાથે આરોપીઓએ પહેલાં યૌન ઉત્પીડન કર્યુ હતું અને પછી તેની હત્યા કરીને તેને નહેરમાં ફેંકી દીધી હતી. પીડિતાના પિતાએ રવિવારે પુત્રી ગુમ થઈ હોવાની ફરિયાદ કરી હતી. પોલીસે ત્રણે આરોપીઓની ધરપકડ કરી છે.એક આરોપીના કબૂલનામાને આધારે પોલીસ તપાસ કરી રહી છે, કિશોરીનો મૃતદેહ હજી નથી મળી આવ્યો. સ્થાનિક લોકોએ કડક સજા આપવાની માગ કરતાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ બનાવમાં પીડિતા ત્રીજા ધોરણની વિદ્યાર્થિની છે, જયારે ૧૨ વર્ષીય બે આરોપી છઠ્ઠા ધોરણમાં છે, જયારે ત્રીજા કિશોરની વય ૧૩ વર્ષની છે અને તે સાતમા ધોરણમાં છે.

# ડ્રગ્સના દૂષણને ડામવા રાજ્ય સરકારે અસરકારક પગલાં લીધાં છે

## 'ક્વોલિટી રોડમેપ' વિષય પર આયોજિત સત્રમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સંવાદ કર્યો



અમદાવાદ,તા.૧૨

અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા આયોજિત 'ગુજરાત ગુણવતા સંકલ્પ' કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. આ તકે અલગ અલગ વિષયો પર સત્ર યોજાયા હતા જેમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો દ્વારા ચર્ચા કરાઈ હતી.

જે અંતર્ગત 'ક્વોલિટી રોડમેપ' વિષય પર આયોજિત સત્રમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ વિષય પર સંવાદ કર્યો હતો. સાથે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ અને પંચાયત તથા ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ આયોજન બદલ 'ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા' ને અભિનંદન આપ્યા હતા. મંત્રીએ QCIને છેવાડાના લોકો સુધી પહોંચી ક્વોલિટી બાબતે કરેલ કાર્યને બિરદાવ્યા હતા. વધુમાં તેમણે વિવિધ ક્ષેત્રો અને સરકારના વિવિધ વિષયો પર QCI ના યોગદાન વિશે વાત કરી હતી.

હર્ષ સંઘવીએ લો એન્ડ ઓર્ડર વિશે મહત્વપૂર્ણ વાત કરતાં કહ્યું હતુ કે, ક્વોલિટી ઓફ લાઇફ ત્યારે જ શક્ય છે જ્યારે લો એન્ડ ઓર્ડરમાં ક્વોલિટી હોય. શાંતિ, સુરક્ષા અને સલામતિની બાબતમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય છે. તેમણે મહિલાઓની સલામતિ અંગે વાત કરતા કહ્યું કે, રાજ્યમાં છેલ્લા ૮ દિવસમાં પોક્સો રેપ જેવા કેસના આરોપીઓ વિરૂદ્ધ પાંચ થી આઠ દિવસમાં ચાર્જશીટ દાખલ કરી પીડિતોને ન્યાય અપાવ્યો છે. ડ્રગ્સના દૂષણને ડામવા રાજ્ય સરકારે અસરકારક પગલાં લીધાં છે. આ મામલે વાત કરતાં તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં ડ્રગ્સ પકડવા મામલે ગુજરાત મોખરે છે.

ઓલિમ્પિક વિશે તેમણે ગૌરવભેર જણાવ્યું કે, ૨૦૩૬માં યોજાનાર ઓલિમ્પિકમાં ભારત કંડકટ કરશે. વધુમાં તેમણે જણાવ્યું કે, ગુજરાત દેશમાં સૌથી વિકસિત રાજ્ય છે.

રાજ્ય સરકારના કાર્ય વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, વિજ્ઞાન અને પ્રકૃતિના સંગમ પર રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. આ ઉપરાંત આર્ટ, કલ્ચર અને સ્પોર્ટ્સ ક્ષેત્રે પણ રાજ્ય સરકાર અભૂતપૂર્વ કામગીરી કરી રહી છે.

આ સત્રમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસે જણાવ્યું હતું કે, ભારત હંમેશાથી ગુણવત્તાસભર દેશ રહ્યો છે. તેમણે ગર્વભેર જણાવ્યું હતુ કે, ભારત દેશ અનેક ક્ષેત્ર અગ્રેસર છે. ક્વોલિટી બાબતે તેમણે સૌને કહ્યું હતું કે, દેશને વિશ્વગુરુ બનાવવા માટે દરેક ક્ષેત્રે ગુણવત્તા બાબતે પણ ચોક્કસ ધ્યાન ધરવું પડશે. આ સાથે આપણે સૌ લોકોએ આપણી નિષ્ઠા અને વચન પર પણ કાયમ રહેવું પડશે.

આ સત્રમાં પંચાયત તથા ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રકચર વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ગુણવત્તા બાબતે જરૂરી માર્ગદર્શન આપતા રહે છે.

મોના ખંધારે વધુમાં તેમના વિભાગ દ્વારા થતી કામગીરીમાં ગુણવત્તા બાબતે રાખેલ ધ્યાન બાબતે પણ વાત કરી હતી. આ ઉપરાંત તેમણે હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી.

# આ વર્ષે શ્રાવણ મહિનામા ચારના બદલે પાંચ સોમવાર



રાજકોટ : ૫ ઓગસ્ટ ૨૦૨૪ને સોમવારથી શ્રાવણ મહિનાનો પ્રારંભ થશે. આ વર્ષે શિવ ભક્તોને શ્રાવણ મહિનામાં પાંચ સોમવાર હોવાથી ચારની બદલે પાંચ સોમવાર શિવ ભક્તિ નો લાભ મળશે.

તેમાં પણ આ વર્ષે શ્રાવણ મહિનાનો પહેલો સોમવાર ૧૨ ઓગસ્ટ બીજો સોમવાર ૧૯ ઓગસ્ટને સોમવારે રક્ષાબંધન છે જયારે ૨૬ ઓગસ્ટને સોમવારે જન્માષ્ટમી છે અને ૨ સપ્ટેમ્બરે સોમવતી અમાસ છે.

શ્રાવણ મહિના નો પ્રારંભ પણ સોમવારે થશે આ વર્ષે રક્ષાબંધન પણ સોમવારે આવશે. જન્માષ્ટમી પણ સોમવારે આવશે અને સોમવારે સોમવતી અમાસનો પણ લાભ મળશે. આમ આ વર્ષે શ્રાવણ મહિનામાં સોમવારનું મહત્વ ખૂબ વધારે રહેશે અને શિવ ભક્તોને ૪ ના બદલે પાંચ સોમવારની મહાદેવજીની પૂજાનો લાભ મળશે શ્રાવણ મહિનામાં અમાસની વૃદ્ધિ તિથિ હોવાથી ૩ સપ્ટેમ્બર મંગળવારે શ્રાવણ મહિનાની પૂર્ણાહુતિ થશે. આ વર્ષે શ્રાવણ મહિના પુરા ૩૦ દિવસનો રહેશે.

- શાસ્ત્રી
રાજદીપ જોશી (વેદાંત રત્ન)
૯૯૨૫૬ ૧૧૯૭૭

## અનુસંધાન છેલ્લા પાનાનું

### 'રાજુભાઇ ઢોસાવાળા'ને ત્યાં ૧૯ કિલો અખાદ્ય જથ્થો નાશ

બોમ્બે સ્ટાઈલ ભેળ, શ્યામ ગાંઠિયા, રજવાડી પાઉંભાજી, મુરલીધર સમોસા અને સુરતી ખાવસા -લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ. તથા જય મંદિર કોલ્ડ્રિંક્સ, જય ઠાકર રોટલી શાક, પટેલ વિજય ફરસાણ, ક્રિષ્ના બેકરી, રાધેશ્યામ ડેરી ફાર્મ, રિધમ વડાપાઉં, B2 ચાઇનીઝ પંજાબી, પટેલ કેન્ડી, ખોડલ પાણિપુરી, ધારા બેકરી કેક શોપ, રાજવી ગોલાની ચકાસણી કરવામાં આવેલ.

### ટ્રાફિક બ્રાંચના હેડકોન્સ્ટેબલ મહેન્દ્રભાઇ પરમારનું હાર્ટએટેકથી અવસાન

સ્વજનો, પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતાં. મહેન્દ્રભાઇ પરમાર બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. મુળ વઢવાણના વતની હતાં. તેમને સંતાનમાં બે પુત્ર છે. જેમાં એક ઓગણીસ વર્ષનો અને બીજો એકવીસ વર્ષનો છે.એક પુત્ર સરકારી નોકરી માટેની તૈયારી કરે છે. મહેન્દ્રભાઇ ૧૯૯૮માં પોલીસમાં ભરતી થયા હતાં. તેમણે પચ્ચીસ વર્ષના ગાળામાં પ્ર.નગર, માલવીયાનગર, એ-ડિવીઝન, આજીડેમ પોલીમસાં નોંધપાત્ર ફરજ બજાવી હતી. પીઆઇ રાઇટર તરીકે પણ તેમણે કામ કર્યુ હતું. છેલ્લે તેમની બદલી ટ્રાફિક બ્રાંચમાં થઇ હોઇ હાલ ટ્રાફિકમાં ફરજ બજાવતાં હતાં. મહેન્દ્રભાઇ પોતાના સરળ અને મળતાવડા સ્વભાવને કારણે સારુ મિત્રવર્તુળ ધરાવતાં હતાં અને પોલીસબેડામાં પણ ચાહના ધરાવતાં હતાં. તેમની ઓચીંતી વિદાયથી રામનાથપરા પોલીસ લાઇન અને શહેર પોલીસબેડામાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મધ્યમ વરસાદ

વધુ વરસાદ વરસી ગયો હતો. જ્યારે ભાવનગર શહેર, ગારીયાધાર, તળાજા, મહુવા અને જેસરમાં વરસાદના હળવા ઝાપટા વરસી ગયા હતા. ભાવનગર જિલ્લાના ઘોઘામાં ૨૯, ભાવનગર શહેરમાં ૧ મી.મી.,ગારીયાધાર ૪ મી.મી. તળાજા ૯ મી.મી.મહુવા ૬ મી.મી.અને જેસરમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો છે.જામનગર જિલ્લામાં ૨૪ કલાક દરમિયાન મેઘરાજા એ હળવું હેત વરસાવ્યું હતું. જેમાં કાલાવડમાં બપોર બાદ ધોધમાર એક ઈંચ વરસાદ વરસ્યો હતો જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કાલાવડ અને જામજોધપૂર તાલુકામા મેઘરાજા કૃપા વરસી રહી છે. પા ઇંચ થી એક ઇંચ વરસાદ વરસ્યો હતો . આજે સવારે ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો હતો. જિલ્લા કલેકટર કંટ્રોલરૂમ માંથી મળતી માહિતી મુજબ કાલાવડમાં ૨૧ મિમી લાલપુરમાં આઠમીમી, જામજોધપુરમાં પાંચ મિમી અને જોડીયામાં એક મીમી વરસાદ નોંધાયો હતો જ્યારે ગ્રામ્ય વિસ્તારની વાત કરીએ તો પાંચ મિમી વરસાદથી લઈને એ ૨૫ મિમી જેટલો વરસાદ નોંધાયો છે.

# ઉદ્યોગકારોના સેટલમેન્ટ અંગેના ૩૦ કેસો અંગે કાલે ખાસ સુનાવણી યોજાશે

## રાજકોટ સહિત ૭ જીલ્લાના ૩૦ ઉદ્યોગકારોના કેસો મૂકાશે : કુલ ૫ સભ્યોની કમિટી હિયરીંગ હાથ ધરાશે

રાજકોટ,તા.૧૧

ઉદ્યોગકારોના સેટલમેન્ટ અંગે રાજય સરકારે માઇક્રોસ્મોલ એન્ટરપ્રાઇઝ ફેસીલીટેશન કાઉન્સીલની ખાસ રચના કરી છે, આ કાઉન્સીલના અધ્યક્ષપદે રાજકોટના એડી. કલેકટર ચેતન ગાંધી છે, તથા અન્ય ૪ પ્રતિનિધિઓ પણ છે.આગામી શનિવારે તા. ૧૩ ના રોજ સવારે ૧૧ વાગ્યાથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના હોલમાં ઉદ્યોગકારોના સેટલમેન્ટ અંગે એડી. કલેકટર ચેતન ગાંધી સમક્ષ ૩૦ કેસોની સ્પે. અને ખાસ સુનાવણી થશે, આ પહેલા બે હિયરીંગ થયા છે, પહેલા હિયરીંગમાં ૧૦ કેસ, બીજામાં ૨૫ તથા શનિવારે ૩૦ કેસો મૂકાશે. આમાં રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર, પોરબંદર, કચ્છ-ભુજ, દેવભૂમિ દ્વારકા, અને જુનાગઢના ઉદ્યોગકારોના ૫૦ લાખ કે તેથી નીચેની રકમના કેસો અંગે સેટલમેન્ટ સંદર્ભે સુનાવણી હાથ ધરાશે, સામે ગુજરાત તથા ગુજરાત બહારના ઉદ્યોગકારો હશે, જેઓ ફીઝીકલી અથવા તો ઓનલાઇન સુનાવણીથી જોડાશે, માલ વેચેલો હોય અને નાણા ન મળ્યા હોય સહિતની બાબતના કેસો હોવાનું અને બધાની રેન્જ અલગ-અલગ તથા ૨ થી ૩ વર્ષ જૂના હોવાનું અધિકારી સુત્રોએ ઉમેર્યુ હતું. હિયરીંગ કરનાર કમિટીમાં એડી. કલેકટર ચેતન ગાંધી, જીલ્લા ઉદ્યોગ અધિકારી મોરી, લીડ બેન્કના મેનેજર, રાજકોટ ચેમ્બર કોમર્સના પ્રતિનિધી તથા ગર્વમેન્ટ પ્લીડરનો સમાવેશ થાય છે.

# ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચના અધ્યક્ષ તરીકે જસ્ટિસ એ.જે.શાસ્ત્રીની નિમણૂક



અમદાવાદ,તા.૧૨

ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ એ જે શાસ્ત્રીની ગુજરાત રાજ્ય ગ્રાહક નિવારણપંચના અધ્યક્ષ તરીકે રાજ્ય સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવી છે. જસ્ટિસ એ જે શાસ્ત્રી અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ હતા. તેઓ બંધારણ સહિતનાં કેસ બાબતોમાં હાજર રહીને અનેક અસિલોને ન્યાય અપાવ્યો હતો.

વર્ષ ૨૦૧૬ માં તેઓને ગુજરાત હાઇકોર્ટમાં એડિશનલ જજ તરીકે નિમણૂક આપવામાં આવી હતી. ત્યારબાદ તેઓ કાયમી જજ તરીકે નિમણૂક પામ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં અધ્યક્ષ તરીકે મુખ્યત્વે હાઇકોર્ટના નિવૃત્ત જજની નિમણૂક કરવામાં આવે છે.

ત્યારે જસ્ટિસ શાસ્ત્રી તેમના મહત્વના અને તટસ્થ નિર્ણયો માટે જાણીતા છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ ના કાર્યકાળ દરમિયાન તેઓએ અનેક કેસોમાં ખૂબ જ મહત્વના આદેશો કરીને લોકોને ન્યાય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## અનુસંધાન પહેલા પાનાનું

### ૨૦૨૪માં ચાંદીએ સેન્સેકસથી આપ્યું ત્રણ ગણું વધારે રિટર્ન

ટકા વધ્યો છે. આ દરમ્યાન સોનું ૧૬.૯૦ ટકા વધ્યું છે. જયારે ચાંદીએ રોકાણકારોને બધાથી વધારે ૨૯.૫ ટકા રિટર્ન આપ્યું છે. ૧ જાન્યુઆરી ૨૦૨૪ના દિવસે સેન્સેકસ ૭૨૨૭૨ પોઈન્ટ હતો જે ૧૧ જુલાઇએ ૭૯૮૯૭ પર પહોંચ્યો હતો. આજ પ્રમાણે નિફટી ૧ જાન્યુઆરીએ ૨૧૭૪૨ અને ૧૧ જુલાઇએ ૨૪૩૧૬, સોનું અનુક્રમે ૬૨૬૨૭ થી ૭૩૧૭૫ અને ચાંદી ૭૨૬૬૧ થી વધીને ૯૪૪૩૦ પર પહોંચી છે.

### બજેટ પુર્વે ખુશખબરઃ પીએફ પર ૮.૨૫ ટકા વ્યાજ મળશે

જાહેરાત કરી હતી. PG પર વ્યાજ દર ૮.૧૫ ટકાથી વધારીને ૮.૨૫ ટકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

CBTના નિર્ણય પછી, ૨૦૨૩-૨૪ માટે EPF થાપણો પર વ્યાજ દર મંજૂરી માટે નાણાં મંત્રાલયને મોકલવામાં આવ્યો હતો, જેને હવે મંજૂરી મળી ગઈ છે. ગયા વર્ષે ૨૮ માર્ચે, EPFO એ ૨૦૨૨-૨૩ માટે કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) ખાતાઓ માટે ૮.૧૫ ટકાના વ્યાજ દરની જાહેરાત કરી હતી. જ્યારે EPFO એ FY22 માટે ૮.૧૦% વ્યાજ આપ્યું હતું.

માર્ચ ૨૦૨૨માં EPFO એ લગભગ ૭ કરોડ કર્મચારીઓને મોટો ઝટકો આપ્યો હતો. કર્મચારીઓ માટે, ૨૦૨૧-૨૨ માટે EPF પર વ્યાજ ઘટાડીને ૮.૧ ટકાના ચાર દાયકાના નીચા સ્તરે લાવવામાં આવ્યું હતું, જે ૨૦૨૦-૨૧માં ૮.૫ ટકા હતું. વ્યાજ ઘટાડા પછી, EPFનું વ્યાજ ૧૯૭૭-૭૮ પછી સૌથી ઓછું થઈ ગયું છે.

નાણાકીય વર્ષ ૧૯૭૭-૭૮માં, EPF વ્યાજ દર ૮ ટકા હતો. CBT દ્વારા ૨૦૨૦-૨૧ માટે EPF થાપણો પર ૮.૫ ટકા વ્યાજ દર માર્ચ ૨૦૨૧માં નક્કી કરવામાં આવ્યો હતો.

### નેપાળમાં બે બસ નદીમાં ખાબકીઃ ૭ ભારતીયોના મોત

જિલ્લા મેજિસ્ટ્રેટ ઈન્દ્રદેવ યાદવે કહ્યું કે, અમે ઘટના સ્થળે છીએ અને સર્ચ ઓપરેશન ચાલુ છે. સતત વરસાદના કારણે બચાવ કાર્યમાં અડચણ આવી રહી છે.ઈન્દ્રદેવ યાદવના જણાવ્યા અનુસાર રાજધાની કાઠમંડુ જઈ રહેલી એન્જલ બસ અને ગણપતિ ડીલક્સ સવારે લગભગ ૩.૩૦ વાગે અકસ્માતનો ભોગ બન્યા હતા. પોલીસે જણાવ્યું કે કાઠમંડુ જઈ રહેલી બસમાં ૨૪ લોકો અને અન્ય બસમાં ૪૧ લોકો મુસાફરી કરી રહ્યા હતા. ગણપતિ ડીલક્સમાં મુસાફરી કરી રહેલા ત્રણ મુસાફરો વાહનમાંથી કૂદી પડવામાં સફળ રહ્યા હતા.આ જ ઘટનામાં નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલે ટ્વીટ કર્યું હતું કે નારાયણગઢપ્રમુગલીન રોડ સેકશન પર ભૂસ્ખલન અને પૂરને કારણે સંપત્તિને નુકસાન થવાને કારણે બસ ધોવાઈ જવાથી લગભગ પાંચ ડઝન મુસાફરોના ગુમ થવાના સમાચારથી મને ખૂબ જ દુઃખ થયું છે. ભૂસ્ખલન છે. મેં દેશના જુદા જુદા ભાગોમાં વહીવટ સહિત સરકારની તમામ એજન્સીઓને મુસાફરોની શોધ કરવા અને તેમને અસરકારક રીતે બચાવવા માટે નિર્દેશ આપ્યો છે.

એક અલગ અકસ્માતમાં, તે જ રોડના પટના કિલોમીટર ૧૭ પર બીજી પેસેન્જર બસ પર પથ્થર પડતાં એક વ્યક્તિનું મળત્યુ થયું હતું. બુટવાલથી કાઠમંડુ જઈ રહેલા બસ ડ્રાઈવર મેઘનાથ બીકે ભૂસ્ખલનને કારણે તેમના વાહન પર પથ્થર પડતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. નાયબ પોલીસ અધિક્ષક ભેશરાજ રિજાલે જણાવ્યું હતું કે તેનું ચિતવન મેડિકલ કોલેજમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

પોલીસ અધિક્ષક ભાવેશ રિમાલે જણાવ્યું કે નેપાળ પોલીસ અને સશષા પોલીસ દળના જવાનો બચાવ કામગીરી માટે ઘટના સ્થળ તરફ જઈ રહ્યા છે. વિવિધ સ્થળોએ ભૂસ્ખલનને કારણે થયેલા કાટમાળને કારણે નારાયણઘાટ-મુગલિંગ રોડ સેકશન પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે.

રોડ ડિવિઝન ભરતપુરના જણાવ્યા અનુસાર, રસ્તા પરનો ટ્રાફિક પૂર્વવત કરવામાં લગભગ ચાર કલાકનો સમય લાગશે.

### રાધનપુર હાઈવે પર એસટી બસ-ટ્રક વચ્ચે અકસ્માતઃ ૪નાં મોત

સ્થળે દોડી આવી બન્ને અકસ્માત ગ્રસ્ત વાહનોને ક્રેનની મદદથી છૂટા પાડ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્ત બનેલા લોકોને સારવાર માટે પાટણ અને મહેસાણા અમરજીવન સમર્પણની એમ્બ્યુલન્સ વાનમાં રવાના કરવામાં આવ્યાં હતા.

બીજી તરફ અકસ્માતના પગલે હાઈવે પરના બંને માર્ગો પર વાહનોનો ચક્કાજામ થયો હતો. હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. જેથી અન્ય વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, પોલીસે ઘટના સ્થળે પહોંચીને માર્ગ પરનો ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો.



# રાજકોટ શ્રી જયાનંદ ધામમાં ભૂમી પૂજન

## શીલા સ્થાપનની વીધી તેમજ ભાવીકોની નવકારશીનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

શ્રી કાલાવાડ રોડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ શ્રી જય ધર્મ કલ્યાણનિધિ ટ્રસ્ટ સંચાલિત શ્રી જયાનંદ ધામ (નવ ગ્રહ જિનાલય) અવધ રોડ, હોટલ સીઝન્સ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ શ્રી જયાનંદ ધામમાં પરમ કૃપાશિષ પૂ. યુગદિવાકર આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા., પૂ. સાહિત્ય કલારત્ન આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા., શતાવધાની આ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા. પાવન નિશ્રા પૂ. આ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા., પૂ.મુનિશ્રી મતિપૂર્ણવિજયજી મ. નિમાર્ણાધીન નૂતન જિનાલય શ્રી જયાનંદ ધામ કાલાવાડ રોડ શ્વે મૂ. તપગચ્છ સંઘનાં આંગણે બીરાજમાન ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામી, શ્રી પુંડરીક સ્વામી, દેવ શ્રી ઘંટાકર્ણ વીર, શ્રી મણીભદ્રવીર, શ્રી ગૌમુખ યક્ષ, શ્રી ચક્રેશ્વરી માતા, પદમાવતી



માતા, સરસ્વતી માતા, લક્ષ્મી માતા, અંબીકા માતા, પ.પૂ. આ.ભ. શ્રીમદ જયાનંદ સૂરી મા.સા. ગુરૂ મુર્તી, ની મુખ્ય શીલાના લાભાર્થી ગૌતમ સ્વામી સમજુબેન રાયચંદ શાહ હ. સુધાબેન જયેશભાઈ, શ્રી પુંડરીક સ્વામી અજયભાઈ લાલચંદ્ર ભણશાલી પરિવાર, આ.ભ. શ્રીમદ જયાનંદસૂરી મા.સ. આશાબેન અશ્વીનભાઈ જસાણી હ. નેહલબેન કપીલભાઈ જસાણી, શ્રી મણીભદ્રવીર દિવ્યાબેન ચંદ્રકાંતભાઈ શાહ, શ્રી ઘંટાકર્ણવીર સ્વ. શ્રી રમેશચંદ્ર નેમચંદ કોઠારી, શ્રી અંબીકા માતા સ્વ. હસુમતીબેન નગીનદાસ બદાણી, શ્રી પદમાવતી માતા જયશ્રીબેન કિશોરભાઈ કામદાર સુદાનવાળા, શ્રી સરસ્વતી માતા ચારૂબેન હિતેષભાઈ દોશી, શ્રી લક્ષ્મી માતા ટવીંકલબેન મયુરભાઈ દામાણી (સુદાનવાળા), શ્રી ગૌમુખ યક્ષ માલતીબેન મુકેશભાઈ ઝાટકીયા, શ્રી ચક્રેશ્વરી માતા હર્ષાબેન જયેશભાઈ શાહ પરિવાર તેમજ દરેક દેરીના ચારેય દિશાના લાભાર્થી પરિવાર શ્રી ગૌતમ સ્વામી સોનાલીબેન પિયુષભાઈ શેઠ, શ્રી પુંડરીક સ્વામી ભાવીનીબેન સંજયભાઈ લોદરીયા, શ્રી મણીભદ્રવીર દિવ્યાબેન ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર, શ્રી ઘંટાકર્ણવીર છાયાબેન અમીતભાઈ વોરા, અંબીકા માતા સોનાલીબેન પિયુષભાઈ શેઠ, શ્રી પદમાવતી માતા આનંદ મંગલ શ્વે. જૈન સંઘ, શ્રી લક્ષ્મી માતા મધુબેન જીતેન્દ્રભાઈ દોશી, સરસ્વતી માતા નયનાબેન

### ૨૫૦ જેટલા ભાવિકોએ નવકારશીનો લાભ લીધો

કેતનભાઈ દોશી નીતીનભાઈ શાહ સુધીર પટેલ. આજરોજ અનુષ્ઠાન સવારે ૬ વાગ્યે ચાલુ થયેલ. સર્વ પ્રથમ ભુમીપુજન ની વીધી કરવામાં આવેલ ત્યારબાદ શીલા સ્થાપનની વીધી કરવામાં આવેલ. ત્યારબાદ ૨૫૦ જેટલા ભાવિકોએ નવકારશીનો લાભ લીધેલ. જેની શ્રી કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ-રાજકોટના મહેશભાઈ મણીયાર ૯૪૨૭૨૨૦૩૩૧, વિપુલભાઈ દોશી ૯૨૨૮૦૭૬૫૬૮૮, નિતેશભાઈ શાહ ૯૭૨૪૮૨૦૨૧૬ ની યાદી જણાવે છે.

# વલસાડ અને નવસારી જિલ્લામાં ધોધમાર વર્ષા

(ભીખાભાઈ પટેલ)

સુરત,તા.૧૨

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે ભારે વરસાદની આગાહીને લઈને દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ અને તાપીમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે બીજી તરફ ગતરોજ વહેલી સવારથી દક્ષિણ ગુજરાતમાં પાંચ દિવસના વરસાદી વિરામ બાદ અષાઢી માહોલ જામ્યો છે. જેમાં સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે જેમાં ઉમરગામ, વાપી, વલસાડ, સુરત જિલ્લાના સુરત સીટી, કામરેજ, નવસારીના જલાલપોર, સહિતના તાલુકાઓમાં મુશળધાર વરસાદની સાથે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અડધાથી ત્રણ ઈંચ જેટલો સાંબેલાધારે વરસાદ ખાબકતા સર્વત્ર પાણી જ પાણી થવાની સાથે નદીઓમાં પુનઃ નીર આવ્યા હતા.

વિવિધ ફ્લડ કંટ્રોલ વિભાગના સૂત્રો મુજબ દક્ષિણ ગુજરાતમાં ગતરોજ વહેલી સવારથી મેઘરાજાએ આગમન કરતા અષાઢી માહોલ જામ્યો છે અને છેલ્લા ૨૪ કલાક દરમિયાન સાર્વત્રિક અડધાથી સવા ત્રણ ઈંચથી વધુ વરસાદ પડી ગયા ના વાવડ મળી રહ્યા છે. જેમાં સુરત જિલ્લાના કામરેજ, સુરત સીટી, વલસાડના ઉમરગામ, વલસાડ, વાપી, પારડી, કપરાડા તેમજ નવસારીના નવસારી, જલાલપોર અને ખેરગામમાં નોંધપાત્ર સાંબેલાધારે વરસાદ ખાબક્યો છે સુરત શહેરના શહેરી વિસ્તારમાં મેગા એ દે ધના ધન કરતા શહેરમાં સર્વત્ર પાણી જ પાણી થઈ ગયું હતું સુરત જિલ્લાની વાત કરવામાં આવે તો સમયાંતરે આકાશમાંથી ઘનઘોર વાદળો વરસતા રહ્યા હતા ઓલપાડમાં ૧૭ એમએમ, માંગરોળમાં પાંચ એમએમ, માંડવીમાં ત્રણ એમએમ, જ્યારે કામરેજમાં સાંબેલા ધારે ૮૩ એમએમ એટલે કે સવા ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો જ્યારે સુરત સિટીમાં પણ પોણા ત્રણ ઈંચ જેટલો (૭૯ એમ એમ) વરસાદ અને ચોર્યાસીમાં એક ઈંચથી વધુ જ્યારે પલસાણા તાલુકામાં ૩૧ એમએમ અને બારડોલીમાં પોણો ઈંચ ૧૭ એમ એમ. મહુવામાં ૪૬ એમએમ વરસાદ નોંધાયો છે.

# કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટનાં ઉપક્રમે કોમ્યુનિકેશન સ્કિલ, ટીમ મેનેજમેન્ટ વિષય પર નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનીંગનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટનાં ઉપક્રમે કોમ્યુનિકેશન સ્કિલ, ટીમ મેનેજમેન્ટ વિષય પર નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનીંગનું આયોજન તા.૧૩ જુલાઈ શનિવારનાં રોજ બપોરે ૨:૦૦ વાગ્યે કરવામાં આવ્યું છે. આ ટ્રેનિંગમાં જાણીતા હેપિનેસ કોચ વિજય રાયચુરા ઈફેક્ટિવ કોમ્યુનિકેશન સ્ટ્રેટેજી, ટીમ ડાયનેમિકસ ઍન્ડ લીડરશિપ ,કોન્ફલીકટ રિઝોલ્યુશન ઍન્ડ પ્રોબ્લેમ સોલ્વિંગ, ટાઈમ મેનેજમેન્ટ ઍન્ડ પ્રોડક્ટિવિટી વિશે માર્ગદર્શન આપશે.

આ ટ્રેનીંગ સેશનની ભાષા હિન્દી અને અંગ્રેજી રહેશે. આ સેશન કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન-



રાજકોટનાં ફેસબુક પેઈજ https://www.facebook.com/KarunaFoundationTrustOfficial?mibextid=ZbWKwL અને યુ ટ્યુબ ચેનલ https://www.youtube.com/KarunaFoundationTrustOfficial પર લાઈવ કરવામાં આવશે. સૌ ને આ ઓનલાઈન ટ્રેનીંગ સેશનમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ પાઠવાયું છે.

આ સેમિનાર સમાજ સેવા કાર્યકરો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે સેવાકીય ક્ષેત્રમાં કાર્ય કરતી વખતે જુદાં જુદાં ક્ષેત્રોમાં કોની સાથે કેવી રીતે વાત કરવી, ટીમનું મેનેજમેન્ટ કઈ રીતે કરી શકાય ? વગેરે શીખવવામાં આવશે, આ નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનિંગથી સેશન કારકિર્દીમાં આગળ વધતાં અનેક વિદ્યાર્થીઓ, યુવાનો અને નાના-મોટા સૌને વૈશ્વિક કક્ષાએ આગળ વધવા માટે મદદરૂપ થશે.

# શાપર વેરાવળમાં ભુવા સહિત પાંચ શખ્સો સામે ગુન્હો દાખલ




## રાજકોટ જિલ્લાના પારડીના ભુવાની કપટલીલાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

રાજકોટ જીલ્લાના લોધિકા તાલુકાના પારડી ગામમાં છેલ્લા સાત વર્ષથી દોરા-ધાગા, ધુણવું, જોવાના ધતિંગ કરનાર ભુવા ધીરૂભાઈ મગનભાઈ ધરસુડીયા પટેલનો ભારત જનવિજ્ઞાન જાથાની ટીમે શાપર-વેરાવળ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૫ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુવાને દાણા જોવાની વિધિ ડિંડક સાબિત થવાથી કબુલાતનામુ સાથે માફી માંગી બંધની જાહેરાત કરી હતી. ભુવા સહિત પાંચ શખ્સો સામે ગુન્હો નોંધાવાતા ચકચાર થવા પામી હતી.

# સરગમ કલબ દ્વારા હરિદ્વારમાં અસ્થિનું પૂજન કરાયું




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

સરગમ કલબના ઉપક્રમે હરિદ્વાર મુકામે ગંગાઘાટ ઉપર હરકીપૌડી અસ્થીઘાટ ઉપર રામનાથપરા મુક્તિધામમાં તારીખ ૧/૧ થી ૩૦/૬ સુધીના લાકડા વિભાગ તેમજ વિદ્યુત વિભાગના કુલ ૨૫૦૦ વ્યક્તિના અગ્નિદાહ અપાયેલ તે તમામના તારીખ ૧૧/૭ ના રોજ સવારના ગંગા નદીમાં સરગમ પરિવારના લોકોએ દરેકના વ્યક્તિગત નામ લઈ અસ્થી પધરાવેલ ત્યારબાદ ત્યાં સાધુ સંતોને ભોજન તેમજ ચા પીવડાવેલ. તેમજ ગંગા નદીમાં સ્નાન કરીને પૂણ્ય પ્રાપ્ત કરેલ આ માટે સરગમ કલબનાં કમિટી મેમ્બરો પોતાના સ્વ ખર્ચે અસ્થી વિસર્જન કરવા ગયેલ આ સેવાકીય કામ માટે ગુણવંતભાઈ ડેલાવાળા માર્ગદર્શન હેઠળ કમિટી મેમ્બરની ટીમ રમેશભાઈ અકબરી, મનસુખભાઈ ધંધુકિયા, નરેન્દ્રભાઈ આડેશરા, સુરેશભાઈ દ્રેત્રોજા, કનૈયાલાલ ગજેરા, ડો. પંકજભાઈ રાઠોડ, જયસુખભાઈ ડાભી, ગુણવંતભાઈ ભટ્ટ, મનહરભાઈ પારેખ, ધીરુભાઈ હિરાણી, ગીતાબેન હિરાણી, ઉપસ્થિત રહેલ. આ તમામ મેમ્બરો હરિદ્વારમાં અસ્થી પૂજન સેવા કાર્યમાં સહયોગ આપેલ.

# રાજકોટમાં જય વેલનાથ રથયાત્રાનું આયોજન




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિ રાજકોટ દ્વારા આયોજીત સૌરાષ્ટ્રનું પાટનગર રાજકોટ શહેરના આંગણે અષાઢી બીજના પાવન દિવસે સંતશ્રી વેલનાથબાપુની સૌરાષ્ટ્રની સૌથી વિશાળ અને જાજરમાન શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતુ.

આ અદ્દભુત શોભાયાત્રામાં સંતો, મહંતો, રાજકીય મહાનુભાવો, સામાજીક શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિ, બિલ્ડરો, શિક્ષકો, વિવિધ સરકારી કર્મચારીઓ, કોળી સમાજના ચાલતા વિવિધ મંડળો, ગ્રુપો, સંસ્થાઓના આગેવાનો, ધુન મંડળો, મહિલા મંડળો અનેક લોકો જોડાયેલા હતા જય વેલનાથ જય જગન્નાથના ચારેયબાજુ નારા ગુંજી ઉઠયા હતા. આ દિવ્ય શોભાયાત્રાનું ચોકે ચોકે અન્ય સમાજ દ્વારા ભવ્યતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વર્ષે રાજકોટની ૨૫ મી શોભાયાત્રામાં વડિલો, બહેનો અને બાળકો સૌથી વધુ સંખ્યામાં પગપાળાથી શોભાયાત્રામાં જોડાયા હતા. તેનાથી આ શોભાયાત્રા અલગ અને અનોખી દીપી ઉઠી હતી. વિશાળ સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વિસ્તારમાંથી, રાજકોટ તાલુકાના ગામેગામથી આકર્ષણ ફલોટ શણગારીને આ શોભાયાત્રા આકર્ષણ બની હતી અને અન્ય વાહનોમાં બેટી બચાવો, રકતદાન મહાદાન, વૃક્ષવાવો પર્યાવરણ બચાવો, શિક્ષણ જાગૃતિ અભ્યાન, ચક્ષુદાન આવા સ્લોગનોવાળા બેનરો લગાવવામાં આવેલ હતા. તેમ સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિના પ્રમુખ દેવાંગભાઈ કુકાવા તથા મહામંત્રી દીપકભાઈ બાબરીયાની યાદીમાં જણાવેલ છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે

# પ્રિ-પ્લેસમેન્ટ કમ જોબ ફેર-૨૦૨૪ નું આયોજન





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજકોટ ખાતે સંસ્થાના વડાના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા રોજગાર કચેરીના સહયોગથી હાલમાં સંસ્થામાં તાલીમ લઇ રહેલા અને આગામી માસમાં ફાઈનલ પરીક્ષા આપનાર તાલીમાર્થીઓ માટે પ્રિ-પ્લેસમેન્ટ કમ જોબ ફેર-૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ. જેમાં અલગ અલગ સેક્ટર જેવાં કે ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિવીલ, ઓટોમોબાઈલ, સોલાર, કેમિકલ, ઈંઝ, હેલ્થ, Instrument, રેફ્રીજરેશન, કોમ્પ્યુટર વગેરેને લગતા અનેક નાનાં મોટા કુલ ૫૫ એકમો જેવી કે CIE Automotive India Ltd., Bhavani Industries India LLp, Captain Tractors Pvt. Ltd, Atul Motors Pvt Ltd, SNJ Labs Pvt. Ltd., Echjay Industries Pvt Ltd., Rajoo Engineers, L.G. Service Center, Jay Ganesh Auto Car Pvt Ltd., PAN Healthcare Pvt. Ltd., GSPL India Transco Ltd. એ ભાગ લીધેલ. તેમજ તેમાં ભાગ લીધેલ ૭૨૫ તાલીમાર્થીઓમાથી ૬૨૫ તાલીમાર્થીઓની પ્રાથમિક પસંદગી થયેલ હતી.

સરકારના સ્કિલ ઈન્ડિયા મિશનને સાર્થક કરવા એકમોએ પણ ખુબ જ સારો સહયોગ આપેલ હતો અને તેમાં એકમો તરફથી તાલીમાર્થીઓની યોગ્યતાનાં આધારે અંદાજે રૂ. ૯૦૦૦ થી રૂ. ૨૮૦૦૦ સુધીના માસિક પગારની ઓફર કરેલ છે. આઈ.ટી.આઈ. દ્વારા ચલાવાતા વિવિધ એક અને બે વર્ષનાં જુદાં-જુદાં ટેકનિકલ અને નોન-ટેકનિકલ ટ્રેડમાં કોર્ષ પૂર્ણ કર્યે તાલીમાર્થીઓને વર્ષ દરમ્યાન યોજાતા પ્લેસમેન્ટ ફેર દ્વારા રોજગારીની તકો મળી રહે છે.

## જૂનાગઢ એસ.ટી. વિજિલન્સ વિભાગ દ્વારા

# સ્થાનિક ઉપલેટા પોલીસને સાથે રાખી અનધિકૃત રીતે મુસાફરોને ભરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરાઈ

### ઉપલેટા ત્રણ વાહનો ડિટેન કર્યા, ૨૧ વાહનોને દંડ કરી કૂલ ૯૭૦૦ ની દંડ વસૂલી કરી

(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા,તા.૧૨

ઉપલેટામાં જુનાગઢ એસ.ટી. વિજિલન્સ વિભાગ દ્વારા સ્થાનિક ઉપલેટા પોલીસને સાથે રાખી અનધિકૃત રીતે મુસાફરોને ભરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરાઈ જેમાં ઉપલેટામાં ત્રણ વાહનો ડિટેન



કર્યા, ૨૧ વાહનોને દંડ કરી કૂલ ૯૭૦૦ ની દંડ વસૂલી કરી છે. આ કામગીરીમાં ઉપલેટાના જિનમિલ ચોક, બસ સ્ટેન્ડ ચોક, નગનાથ ચોક સહિતના વિસ્તારોમાં ચકાસણી હાથ ધરીને તવાઈ બોલાવતા ખાનગી વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

આ કામગીરીમાં જુનાગઢ એસ.ટી. વિભાગના નિયામક એમ.બી. રાવલ અને વી. એલ. શામળા સુરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ વિજિલન્સ ટીમના આર.કે. ચંદ્રવાડિયા અને ડી. એસ. ગરચર દ્વારા સ્થાનિક ઉપલેટા પોલીસને સાથે રાખીને કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સાથે એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ કામગીરી અવિરત પણે ચલાવવામાં આવશે તેવું જણાવ્યું છે.

# ખંભાળિયા આઈટીઆઈ ખાતે લર્નિંગ લાઈસન્સની એપોઈનમેન્ટમાં વધારો કરવા રજૂઆત

(દિવ્યેશ જટણીયા દ્વારા)

મીઠાપુર,તા.૧૨

ખંભાળિયા આઈટીઆઈ ખાતે લર્નિંગ લાઇસન્સની એપોઈનમેન્ટમાં વધારો કરવા સ્થાનીક સામાજિક કાર્યકર દ્વારા જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મથક ખંભાળિયા ખાતે આવેલ આઈટીઆઈમાં લર્નિંગ લાઇસન્સની હાલમાં ૨૨ જેટલી એપોઈનમેન્ટ આપવામા આવે છે. જ્યારે અહીં લાઇસન્સનું કામ મોટા પ્રમાણ માં હોય છે કારણ કે ખંભાળિયા માં અંદાજે ૮૬ જેટલા ગામડાઓ હોય આ એપોઈનમેન્ટની સંખ્યા ૨૨ થી વધારીને ૯૦ જેટલી કરવા માટે ખંભાળિયાનાં સામાજિક કાર્યકર હિતેશ એન. રાયચુરા દ્વારા જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી છે



જેથી લોકોને ઓછામાં ઓછી રાહ જોવી પડે અને તાત્કાલિક કામગીરી થાય એટલા માટે આ રજૂઆત કરવામાં આવી છે.

# જેતપુર તાલુકાના વિરપુર ગામની જંત્રી દર ઘટાડવા રજૂઆત કરાઈ

(કિશનસિંહ મોરબીયા દ્વારા)

વીરપુર,તા.૧૧

જેતપુર તાલુકાના વિરપુર (જલારામ) ગામની જંત્રી દર હાલમાં શહેરી અને વિકાસ શીલ શહેરોની સમકક્ષ છે. ગેર વ્યાજબી છે. જે અંગે વિરપુર (જલારામ) ગામના સામજીક કાર્યકર અને યુવા એડવોકેટ અનિલ બી. સરવૈયા એ ગત તા.૯/૭ ના રોજ ગાંધીનગર રૂબરૂ જઇ મુખ્યમંત્રી કાર્યાલયમાં અને રેવન્યુ સચિવને રૂબરૂ મળી જંત્રી દર ઘટાડવા માટે લેખીત રજુઆત કરેલ છે. આ લેખીત રજુઆતમાં જણાવેલ છે કે, વિરપુર ગામ હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં ગણાય છે. અને જેતપુર તાલુકાનું સૌથી મોટું ગામ છે. જે વિસ્તાર મહદ અંશે વિકાસથી વંચિત છે. જંત્રી દર ઉંચો હોવાના કારણે નાના સીમંત



ખેડૂતો-રોકાણકારો વિરપુરમાં જમીન ખરીદી કરી ધંધો કરવા માંગતા ધંધાદારીઓ, સ્થાનિક પ્રજાજનો, હાલમાં ખૂબ જ તકલીફ અનુભવે છે. બહાર ગામથી વિરપુરમાં ધંધો ઉદ્યોગ કરવા માંગતા વેપારીઓ જંત્રીદર ઉંચો હોવાથી મિલ્કત ખરીદી શકતા નથી. જેથી વિરપુર ગામનો વિકાસ અટકી ગયેલ છે. વિરપુર (જલારામ) ગામની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારની જંત્રી કરતા વિરપુર (જલારામ) ગામની જંત્રી પાંચ (૫) ગણી વધારે છે. તેમજ વિરપુર (જલારામ) ગામથી નજીક આવેલા જેતપુર શહેરની જંત્રી અને વિરપુર (જલારામ) ગામની જંત્રી બંન્ને એક સમાન જેટલી છે. આગામી દિવસોમાં નવી જંત્રી દર અમલમાં આવી રહેલ છે. જે બાબતે ધ્યાને રાખી મોજે - વિરપુર (જલારામ) ગામ જે રૂરલ વિસ્તારમાં ગણાય છે. તેનો સ્થાનિકે સર્વે કરી જંત્રીદર ઘટાડવા અંગ રજુઆત કરવામાં આવેલ છે.

# ગરવા ગિરનારની ગોદમાં યોજાશે ગ્રીન રક્ષાબંધન મહોત્સવ

## ૧૧,૧૧૧ પગથિયા પર બહેન ભાઈના કાંડે રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી અનોખો રેકોર્ડ સર્જશે

**ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ અને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં ઈવેન્ટની નોંધ લેવામાં આવશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૨

આગામી રક્ષાબંધને પ્રકૃતિ અને સંસ્કૃતિના ઈકો ફ્રેન્ડલી અનુબંધને આગળ વધારવા માટે 'ગ્રીન રક્ષાબંધન' ના નામે એક અનોખા અને અભૂતપૂર્વ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે આ આયોજન ની વિગતો આપતા રંગલો ક્રિએશન પ્રાઈવેટ લિમિટેડના ફાઉન્ડર અને ડાયરેકટર રવિભાઈ વિરપરિયાએ જણાવ્યું હતું કે તેમનું આયોજન દરેક અર્થમાં યુનિક અને અભૂતપૂર્વ બની રહે તે પ્રકારે તમામ તૈયારીઓને વેગ આપવામાં આવ્યો છે. ગ્રીન રક્ષા બંધન દ્વારા તેઓ પ્રકૃતિનું મહત્વ લોક હૃદયમાં સ્થાપિત થાય અને પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચેનું છૂટી રહેલું જોડાણ ફરી સંધાય તે હેતુથી આ આયોજન કરી રહ્યા છે.

આગામી રક્ષાબંધનના પર્વ નિમિત્તે ૧૮ ઓગસ્ટ રવિવારના રોજ ગિરનારના દરેક પગથિયા પર ગ્રીન રક્ષાબંધનના નિયત કરેલા ડ્રેસકોડ સાથે બહેન પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધી રક્ષાબંધનની અનોખી ઉજવણી કરશે. આ રક્ષાપર્વમાં ફક્ત ૧૬ થી ૩૬ વર્ષના ભાઈ બહેનો જ ભાગ લઈ શકશે. આ ઈવેન્ટનું થીમ સોંગ ટૂંક સમયમા જ લોન્ચ કરવામાં આવશે. આ અનોખા પર્વને વધુ શાનદાર બનાવવા માટે તેમાં અનેક ઓનલાઈન સ્પર્ધાઓના આકર્ષણ ઉમેરવામાં આવ્યા છે. ગ્રીન રક્ષાબંધનની થીમ અંતર્ગત માનવ જીવનની જરૂરિયાત સમાન પ્રકૃતિની જાળવણી અર્થે સમગ્ર ગુજરાતમાં ૧૧ લાખ વૃક્ષોના વાવેતર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

આ 'ગ્રીન રક્ષાબંધન' ઈવેન્ટની યાદગીરીરૂપે ગુજરાતના ૧૧૧૧ ગામોમાં ૧૧૧ વૃક્ષોના 'રક્ષાવન' ઉછેરવામાં આવશે. જ્યારે આ ઈવેન્ટ દરમિયાન જ ૧૧૧ ગામોમાં ૧૦૦૦ લેખે કુલ એક લાખ ૧૧ હજાર ફળાઉ ઝાડના રોપાનું વિતરણ પણ કરવાનો આયોજન વિચારવામાં આવ્યું છે.

આ આયોજન સંપૂર્ણ ઈકો ફ્રેન્ડલી બની રહે તે માટે બાયોડીગ્રેડેબલ ડીશમાં પ્લાસ્ટિક ફ્રી મટીરીયલ આપવામાં આવશે. ''ગ્રીન રક્ષાબંધન'' ના નામને સાર્થક કરતાં દરેક બહેન ભાઈના કાંડે વૃક્ષોના બીજ સાથેની એક સ્પેશ્યલ રાખડી પણ બાંધશે. ઈવેન્ટમાં ભાગ લેનાર તમામ ભાઈ બહેનોને 'ગ્રીન ગિફ્ટ' રૂપે ૧૧ વૃક્ષના બીજ આપવામાં આવશે. દરેક બહેનોને ૧૧ ઔષધી અને કિચન ગાર્ડન બીજનું પેકેટ આપવામાં આવશે.

વિશેષ કાર્યક્રમ અંતર્ગત ૧૧૧ સ્પેશિયલ સ્ટોરીની સંપાદિત પુસ્તકની ગિફ્ટ પણ આ ઈવેન્ટના માધ્યમથી ભાગ લેનાર ભાઈ બહેનને આપવામાં આવશે. સમગ્ર ઈવેન્ટને સફળ બનાવવા માટે ગુજરાતની ૧૦૧ સ્કૂલ અને કોલેજને આ ઈવેન્ટમાં સહભાગીદાર બનાવવા માટેનું કામ શરૂ થઈ ચૂક્યું છે. ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે ઈવેન્ટનું ગ્રીન કેમ્પેઈન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ઈવેન્ટની પૂર્વ સંધ્યાએ ભાઈ બહેનની થીમ પર ગ્રાન્ડ નાઈટ કલ્ચરર ઈવેન્ટ યોજાશે. જેમાં નામાંકીત કલાકારો પોતાનું પરફોર્મન્સ આપશે.

સ્કૂલ કોલેજ સિવાય પણ ભાગ લેવા માંગતાં ભાઈઓ અને બહેનોના રજીસ્ટ્રેશન પણ ટૂંક સમયમાં શરુ થશે. 'ગ્રીન રક્ષાબંધન' વિશે વધુ માહિતી, સ્પોન્સરશીપ, કોલોબ્રેશન કે વોલેન્ટિયર બનવા માટે **ranglocreationgmail.com** અથવા ૯૦૮૧૮ ૧૧૧૬૧ કે ૮૮૬૬૬ ૦૯૮૦૭ પર સંપર્ક કરવો. અને **greenrakshabandhan** ના સોશ્યલ મીડિયા હેન્ડલ ફોલો કરવાથી ઈવેન્ટ વિશે રેગ્યુલર અપડેટ મળતી રહેશે. તેવું સંસ્થાન આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# આંખના નંબર ઉતારવાની અતિ આધુનિક ટેકનોલોજી ધરાવતી સિલ્કલેઝર પ્રોસીજરનો રાજકોટમાં શુભારંભ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૨




એક સમય હતો કે રાજકોટ-સૌરાષ્ટ્રના દર્દીઓ હાર્ટ સર્જરી કે અન્ય જટીલ સર્જરી કરાવવામાં માટે અમદાવાદ કે મુંબઈ સહિતના મોટા શહેરોમાં જતાં હતાં. પરંતુ હવે સમય બદલાયો છે. રાજકોટમાં હેલ્થકેર ક્ષેત્રે વિશ્વ કક્ષાની સારવાર ઉપલબ્ધ થઇ રહી છે. વિદેશમાંથી એન.આર.જી રાજકોટ મેડિકલ ટુરિઝમમાં આવે છે. કારણ કે વર્લ્ડ કલાસ હેલ્થ કેર રાજકોટમાં વિકસ્યુ છે. દેશના મહાનગર મુંબઈ, દિલ્હી, બેંગ્લોરમાં જે અતિ આધુનિક ટેકનોલોજીથી સારવાર થાય છે એવા સંશાધનો અને તબીબી કૌશલ્ય રાજકોટમાં પણ ઉપલબ્ધ બન્યુ છે. રાજકોટના હેલ્થકેર ક્ષેત્રની ઉપલબ્ધીમાં હવે અને નવું પીછું ઉમેરાયુ છે. આંખના નંબર ઉતારવાની અતિઆધુનિક ટેકનોલોજી ધરાવતી સીલ્ક લેઝર પ્રોસીજરનો રાજકોટમાં શુભારંભ થઇ ગયો છે. જે આંખના નંબર ઉતારી દર્દીને ૨૪ કલાકમાં તેમની રોજીંદી જીદંગીમાં લાવી શકે છે. રાજકોટમાં આંખના નંબર ઉતારવાના સ્યોર સાઈટ લેઝિક સેન્ટરમાં સીલ્ક લેઝર પ્રોસીજરનો પ્રારંભ થયો છે.

સ્યોર સાઈટ લેઝિક સેન્ટરના પ્રારંભે પત્રકાર પરિષદમાં વિગતો આપતાં જાણીતા આંખના સર્જનોએ જણાવ્યુ હતું કે સ્યોર સાઈટ લેઝિક સેન્ટરમાં રાજકોટના આંખના આઠ ટોચના નીષ્ણાત તબીબોએ ગુજરાતમાં સૌ પ્રથમ વખત જહોન્સન એન્ડ જહોન્સન કંપનીના અતિઆધુનિક લેઝર મશીન અને સીલ્ક ટેકનોલોજી ઉપલબ્ધ કરી છે.

આ પધ્ધતિની ખાસિયત એ છે કે માત્ર ૨૪ કલાકમાં દર્દી આંખના નંબર ઉતારી રોજીંદી પ્રવૃતિમાં પ્રવૃત થઇ શકે છે. એટલું જ નહિ સ્વીમીંગ કરી શકે છે. સ્પોર્ટસ રમી શકે છે. મોબાઈલ વગેરે જોઈ શકે છે. જે આ પૂર્વેની ટેકનોલોજીમાં એકાદ સપ્તાહથી દસ દિવસનો સમય લાગતો હતો.

રાજકોટ સૌરાષ્ટ્રની જનતાના આંખના નંબર ઉતારવાની વિશ્વ કક્ષાની ટેકનોલોજી થકી શ્રેષ્ઠ સારવાર રાજકોટમાં જ મળે એ હેતુથી રાજકોટના આઠ તબીબોએ અતિ આધુનિક સ્યોર સાઈટ લેઝર સેન્ટરમાં સીલ્ક લેઝર પ્રોસીજરનો શહેરના અક્ષર માર્ગ, ડેલ્ટા ડાયગ્નોસ્ટીક સામે, બીએપીએસ મંદિર સામે, કાલાવડ રોડ ખાતે પ્રારંભ કર્યો છે.

જેમાં શહેરના ખ્યાતનામ આંખના અને કીકીના તબીબ ડો.ધર્મેશ શાહ, ડો.હેમલ કણસાગરા, ડો.સૂકેતુ ભપલ, ડો. ચેતન હિન્ડોયા, ડો.પિયુષ ઉનડકટ, ડો.ભાવેશ સોલંકી, ડો.જતીન પટેલ, ડો.શૈલેષ પટેલનો સમાવેશ થાય છે.

સ્યોર સાઈટ લેઝર સેન્ટરમાં સીલ્ક લેઝર પ્રોસીજરનો પ્રારંભ પ્રસંગે ડો.ધર્મેશ શાહ, ડો.હેમલ કણસાગરા, ડો.સુકેતુ ભપલ, ડો.ચેતન હિન્ડોચા, ડો.પિયુષ ઉનડકટ, ડો.ભાવેશ સોલંકી, ડો.જતીન પટેલ, ડો.શૈલેષ પટેલ વગેરેએ જણાવ્યુ હતું કે છેલ્લા દસ વર્ષમાં આંખના નંબર નાની વયમાં આવી જવાની સમશ્યામાં ખુબ વધારો થયો છે. મોબાઈલ, ટીવી. લેપટોપ અને કોમ્પ્યુટરના સતત ઉપયોગથી બાળકો, યુવાનો અને વયસ્કોમાં આંખના ચશ્મા આવી જવાની અને નંબર વધવાની સમશ્યા ખુબ વધી છે. સૌ પ્રથમ તો કાચી વયે મોબાઈલનો ઉપયોગ બાળકો મર્યાદિત સમય માટે કરે એ માટે વાલીઓએ ધ્યાન આપવુ પડશે. વિદ્યાર્થીઓ, નોકરી ધંધાર્થીઓ, પ્રોફેશ્નલ વગેરેએ પણ ટેકનોલોજીના ઉપયોગના અતિરેક બાબતે જાગૃત રહેવુ પડશે.

# રાજકોટ જિલ્લાના આઠ જળાશયોમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા નીરની આવક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૨

રાજકોટ જિલ્લાના આઠ જળાશયોમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા નીરની નોંધપાત્ર આવક થઈ છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયા મુજબ, ભાદર ડેમમાં ૦.૩૯ ફૂટ, ફોફળ ડેમમાં ૦.૬૨ ફૂટ, વેણુ-૨ ડેમમાં ૦.૨૦ ફૂટ, આજી-૩ ડેમમાં ૦.૩૦ ફૂટ, સુરવો ડેમમાં ૦.૩૩ ફૂટ, ન્યારી-૨ ડેમમાં ૦.૩૩ ફૂટ, ખોડાપીપર ડેમમાં ૦.૩૩ ફૂટ, છાપરવાડી-૨ ડેમમાં ૦.૯૮ ફૂટ નવા નીર આવ્યા છે.

ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, અત્યાર સુધીમાં આવેલા નીરના કારણે ભાદર ડેમ ૧૧.૫૨ ટકા, ફોફળ ડેમ ૪૫.૮૫ ટકા, વેણુ-૨ ડેમ ૫૩.૫૬ ટકા, આજી-૩ ડેમ ૨૫.૫૯ ટકા, સુરવો ડેમ ૧૬.૬૪ ટકા, ન્યારી-૨ ડેમ ૫૪.૨૭ ટકા, ખોડાપીપર ડેમમાં ૪૭.૪૬ ટકા, છાપરવાડી-૨ ડેમમાં ૧૯.૨૬ ટકા ભરાયો છે.

હાલ આજી-૨ ડેમનો એક દરવાજો ૦.૦૭૫ મીટર તથા ભાદર-૨ ડેમનો એક દરવાજો ૦.૨૨૮ મીટર ખોલવામા આવેલ છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

# TRP ગેમઝોનઃ પકડાયેલ આરોપીની સંપતિ જપ્ત કરીને પીડિત પરિવારોને સોંપવામાં આવે

## રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૨




રાજકોટના જુદા-જુદા સંગઠનો તેમજ આમજનતા દ્વારા રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના પીડિતોને ન્યાય મળવા બાબતે. અમો સર્વે લોકો આજ પુરા રાજકોટ, ગુજરાત, ભારત સહિત પુરા વિશ્વે ને હચમચાવી નાખે તેવી ઘટના ગયેલ.

એ ઘટના એ અમારા મન અને હૃદયને ખૂબ મોટો આઘાત અને દુઃખ પહોંચાડેલ છે, સાથે એ વાત બહાર આવી કે આ બધું અમુક પદાધીકારીઓ, અધિકારીઓ અને નેતાની લાલચને કારણે થયુ તો એ દુઃખ હવે ગુસ્સામાં બદલાયું છે. કેમકે અમુક રકમની લાલચને કારણે લોકોના જીવનનો સોદો કરવો ક્યાં સુધી વ્યાજબી છે?

આજ અમો સર્વે આપ સમક્ષ અમારી અમુક લાગણી અને માંગણી મૂકવા આવ્યા છીએ.

જવાબદાર તમામ આરોપીઓને કડક મા કડક સજા થાય જેવીકે આજીવન કેદ મુખ્ય અપરાધીને ફાંસીની સજા થાય, જેથી આવનાર ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિ આવા કૃત્ય કરતા પેહલા ૧૦૦ વાર વિચારે, ઘટનાની તપાસ પુરી નિષ્ઠાથી નિષ્પક્ષ થાય, કોઈને પણ ન મુકવામાં આવે. ભલે એ ગમે તેવા નેતા હોઈ કે મોટા અધિકારી, પકડાયેલ આરોપીઓની સંપત્તિ જપ્ત કરીને પીડિત પરિવારોને સોંપવામાં આવે.

અમો સર્વે દુઃખ સાથે આપની સમક્ષ અમારી લાગણીને માંગણી મૂકી છે, યોગ્ય ન્યાય કરવા વિનંતી છે.

# મતદાતા અભિવાદન કાર્યક્રમ અંતર્ગત વિધાનસભા-૬૮ માં બેઠક યોજાઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૨

પ્રદેશ ભાજપની યોજના અનુસાર તાજેતરમાં પૂર્ણ થયેલી લોક્સભાની સામાન્ય ચૂંટણી બાદ લોક્સભા સીટમાં આવતી દરેક વિધાનસભાવાઇઝ મતદાતા અભિવાદન કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટીએ લોક્સભામાં ચૂંટણીમાં જીત બાદ પ્રબુધ્ધ નાગરિકો, ધાર્મિક સાધુ-સંતો તેમજ સામાજીક આગેવાનો સહિત વિધાનસભામાં આવતાં પેજ સમિતિ, બુથ સમિતિ, વોર્ડ સમિતિના સભ્યોનું મતદાતા અભિવાદન કાર્યક્રમ રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના અધ્યક્ષસ્થાને અને સાંસદ પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં વિધાનસભા-૬૮ માં આર્યનગર કોમ્યુનીટી હોલ, આર્યનગર સોસાયટી, પેડક રોડ, રાજકોટ ખાતે મતદાતા અભિવાદન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ તકે કાર્યક્રમના ઇન્ચાર્જ સંયોજક શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ ચૂંટણીની જીત માટે ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા-૬૮માં આવતા તમામ શ્રેણીના કાર્યકર્તાઓના સંગઠનલક્ષી અભિગમથી ચુંટણી જીતાડવા બદલ સૌ કોઈનો આભાર માન્યો હતો.

આ તકે રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભાજપના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને સાર્થક કરવાં અને રાજકોટનો વિકાસ થાય તે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સતત કામ કરી રહ્યા છે અને મને જીતાડવા માટે રાજકોટના સૌ કોઈ પ્રબુધ્ધ નાગરિકો, સાધુ સંતો, પેજ પ્રમુખો, બુથ સમિતિના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.




આ તકે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ તમામ ભારતીય જનતા પાર્ટીના તમામ શ્રેણીના કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકર, મનીષ રાડીયા, લીલુબેન જાદવ, કિરણબેન માકડીયા, પુજાબેન પટેલ સહિતના બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

આજે તા.૧૨ ના રોજ વિધાનસભા-૭૦ નો મતદાતા અભિવાદન કાર્યક્રમ સાંજે ૬.૩૦ કલાકે સ્વામીનારાયણ મંદિર, ભુપેન્દ્ર રોડ તેમજ વિધાનસભા-૭૧ નો મતદાતા અભિવાદન કાર્યક્રમ સાંજે ૭.૩૦ કલાકે મેઘાણી સમાજની વાડી, બાપા સીતારામ ચોક, મવડી ખાતે યોજવામાં આવશે.

# મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે વિંછીયાના ૧૩ પરિવારોને પ્લોટની સનદ વિતરણ કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૨



વિંછીયા અને જસદણના તાલુકા સેવા સદન પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને જસદણ, વિંછીયા અને સાણથલી સરકારી હોસ્પિટલોની રોગી કલ્યાણ સમિતિની તેમજ લેન્ડ કમિટી અને પી.જી.વી.સી.એલ. અંગેની બેઠક યોજાઈ હતી.

મંત્રીએ વિંછીયાના ૧૩ પરિવારોને ઘરથાળના પ્લોટની સનદ વિતરણ કરી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં અરજી કરી ઘરનું ઘર મેળવવા માટે અનુરોધ કર્યો હતો.લેન્ડ કમિટીની બેઠકમાં મંત્રીએ ગામતળના વિસ્તારોમાં રહેતા વિચરતી-વિમુકત જાતિના પાત્રતા ધરાવતા પરિવારોને ખાસ ઝુંબેશ હાથ ધરી વધુને વધુ પરિવારોને પ્લોટ મળે તે અંગે સૂચના આપી હતી. ખેડૂતોના બિનકાર્યરત સોલાર અંગે મંત્રીએ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી તેમજ પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓને આ અંગેની કામગીરી વહેલી તકે કરવા ખાસ ભાર મૂકયો હતો.

રોગી કલ્યાણ બેઠકમાં હોસ્પિટલ ખાતે આવશ્યક દવા, સર્જીકલ સાધનો, લેબોરેટરી અને અન્ય જરૂરી વસ્તુઓની ખરીદી તથા ખર્ચ વિષે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ હોસ્પિટલમાં દર્દીઓને સારવાર અર્થે વધુ જરૂરી સેવાઓ માટે વિવિધ સ્થળો અને વસ્તુઓના રીપેરીંગ તથા અન્ય કામગીરી અંગે આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં મામલતદાર આર.કે. પંચાલ, રોગી કલ્યાણ સમિતિના ઉપાધ્યક્ષ, સભ્ય સચિવ ડો. ચૈતાલી કે. રામ, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકા આરોગ્ય અધિકારી જસદણ- વિંછીયા, વિવિધ વિભાગોના ઈન્ચાર્જ તબીબો વગેરે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલ બોરાણાનો જન્મદિવસ



રાજકોટઃ સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ અને ગવર્નિંગ કાઉન્સીલ મેમ્બર (સુરક્ષાસેતુ સોસાયટી રાજકોટ) ગોપાલભાઈ બોરાણાનો આજે જન્મદિવસ ૩૩ વર્ષ પૂર્ણ કરીને ૩૪ વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

# અવસાન નોંધ

રાજકોટઃ સ્વ.ઇન્દીરાબેન જગદીશભાઈ કોઠારી તે જગદીશભાઈ કોઠારીના પત્ની અક્ષય નિશા કેવલ શાહના માતા કેવલ કે શાહના સાસુમાતૃશ્રીની પ્રાર્થનાસભા તારીખ ૧૨/૭ ના રોજ સાંજે ૫ થી ૬ કલાકે યુનિકેર હોસ્પિટલની સામે શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય નાગેશ્વર દેરાસર રોડ રાજકોટ ખાતે રાખેલ છે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. અક્ષય ૯૭૨૫૬૩૨૭૫૨ કેવલ શાહ ૮૮૬૬૧૫૨૨૬૦

# કોમર્સ કોલેજ-અમરેલીમાં સાયબર સિકયુરિટી અંગે સેમિનાર યોજાયો

**(નટવરલાલ ભાતિયા દ્વારા)**
અમરેલી,તા.૧૨



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચલિત કે.કે.પારેખ કોમર્સ કોલેજમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન - અમરેલી દ્વારા સાયબર અવેરનેસ અંગે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ પ્રકારના સાયબર ફ્રોડ અંગે જાણકારી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનું સંતોષકારક નિવારણ કરવામાં આવ્યું હતું. સંસ્થા વતી ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.એમ.એમ. પટેલે સૌનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.જે.એમ. તળાવીયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રોગ્રામ ઓફિસર ડો.એ.બી. ગોરવાડીયા અને એન.સી.સી. ઓફિસર પ્રા. વિલ્સન વસાવાએ જહેમત ઉઠાવી હતી તેમ આઈ.ક્યુ.એ.સી.ના કોઓર્ડિનેટર પ્રા.ભારતીબેન ફીણવીયાએ જણાવ્યું હતું.

# ‘રાજુભાઈ ઢોસાવાળા’ને ત્યાં ૧૯ કિલો અખાદ્ય જથ્થો નાશ







## ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૩૯ ધંધાર્થીઓની ચકાસણીઃ ખાદ્યચીજોના કુલ ૩૯ નમૂનાની સ્થળ પર ચકાસણી

રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જ્યુબેલી ચેમ્બર ગ્રા. ફ્લોર, શોપ ન.ક-૨, જ્યુબેલી પાસે, ઢેબર રોડ વન-વે, મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, રાજકોટ મુકામે આવેલ ‘‘રાજુભાઇ ઢોસાવાળા‘‘ની તપાસ કરતા પેઢીના સ્થળ પર સંગ્રહ કરેલ મેંદૂવડા, દાળવડાનો લોટ ૧૫ કિ.ગ્રા. તથા ચટણી ૦૪ કિ.ગ્રા. કુલ મળીને ૧૯ કિ.ગ્રા. જથ્થો વાસી અખાદ્ય મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જ્યુબેલી ચેમ્બર ગ્રા. ફ્લોર, જ્યુબેલી પાસે, ઢેબર રોડ વન-વે, મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, રાજકોટ મુકામે આવેલ ‘‘રાજુભાઇ ઇડલીવાળા‘‘ ની તપાસ કરતા પેઢીના સ્થળ પર સંગ્રહ કરેલ મેંદૂવડા, દાળવડા તથા બાંધેલો લોટનો ૦૭ કિ.ગ્રા. જથ્થો વાસી અખાદ્ય મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા તથા લાયસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરના સંત કબીર રોડ તથા કોઠારીયા ગામ- રોલેક્ષ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૨૮ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્યચીજોના કુલ ૩૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

જય માતાજી છોલે ભટુરે, ગજાનંદ સ્વીટ્સ, ગોકુલ ગાંઠીયા, રવેચી હોટલ, ફેમસ વડાપાઉં, દેવાંગી ડેરી ફાર્મ, જગદીશ ગાંઠીયા, ક્રિષ્ના દાળપકવાન, મયુર દાળપકવાન, ચામુંડા ડેરી ફરસાણ, બાપાસીતાર-ામ દાળપકવાન, શિવશંકર દાળપકવાન, આકાશ દાળપકવાન, શિવમ દાળપકવાન, ઠાકરધણી વડાપાઉં, દર્શન દાબેલી, દિલખુશ દાબેલી, બાલાજી ઘૂઘરા, બિગ બોસ ચાઈનીઝ પંજાબી, રામ વડાપાઉં, ફૂડ બોક્સ, શિવ દાબેલી, મહાકાળી પાણીપુરી, (જુઓ.પાનું.૫)

## ટ્રાફિક બ્રાંચના હેડકોન્સ્ટેબલ મહેન્દ્રભાઇ પરમારનું હાર્ટએટેકથી અવસાન

### મહેન્દ્રભાઇ ૧૯૯૮માં પોલીસમાં ભરતી થયા હતાં

રાજકોટ, તા.૧૨

શહેર પોલીસની ટ્રાફિક બ્રાંચમાં ફરજ બજાવતાં હેડકોન્સ્ટેબલ મહેન્દ્રભાઇ ડાયાભાઇ પરમાર (ઉ.વ.૪૬-રહે. રામનાથપરા પોલીસ લાઇન, ત્રણ માળીયા ક્વાર્ટર બી-૬)નું હાર્ટએટેકથી મૃત્યુ થતાં પોલીસબેડામાં અને પરિવારજનોમાં તથા રામનાથપરા પોલીસ લાઇનમાં શોક છવાઇ ગયો છે. ખુબ જ હસમુખા, મળતાવડા અને સરળ સ્વભાવ ધરાવતાં મહેન્દ્રભાઇ ૨૫ વર્ષની પોલીસમાં નોકરી કરી રહ્યા હતાં.



જાણવા મળ્યા મુજબ ગઇકાલે તેમને છાતીમાં દુઃખાવો થતાં ખાનગી સિવિલમાં ખસેડાયા હતાં. હાર્ટએટેકની અસર હોવાનું નિદાન થતાં વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ગઇકાલે બાયપાસ કરવામાં આવ્યું હતું. આજે સવારે તેમણે દિકરાને હોસ્પિટલના રૂમમાંથી નીચે ચા લેવા મોકલ્યો હતો. એ પછી તેમને એકાએક બીજો જોરદાર હાર્ટએટેક આવી ગયો હતો. જે જીવલેણ સાબિત થયો હતો. બનાવની જાણ હોસ્પિટલ મારફત એ-ડિવીઝન પોલીસને કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો.

બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં સગા (જુઓ.પાનું.૫)

## રાજકોટના લોકમેળામાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ

### સ્ટોલ-પ્લોટ ધારકે ફરજીયાત ફાયર એક્સ્ટિંગ્યુશર રાખવાના રહેશે



રાજકોટ, તા.૧૧

રાજકોટ લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્સ મેદાન ખાતે તા. ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકમેળામાં ધંધાર્થે સ્ટોલ લેવા માગતા અરજદારોએ ભરવાના ફોર્મ બાબતે લોકમેળા અમલીકરણ સમિતિના અધ્યક્ષ તથા નાયબ કલેક્ટર રાજકોટ-૧ દ્વારા સૂચના જારી કરવામાં આવી છે.

જેમાં જણાવાયું છે કે, લોકમેળાના દરેક સ્ટોલ ધારકે ફરજીયાત સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે અને તેનું રેકોર્ડિંગ ૩૦ દિવસ સુધી સાચવવાનું રહેશે. લોકમેળાના દરેક નાના સ્ટોલ-પ્લોટ ધારકે એક ફાયર એક્સ્ટિંગ્યુશર અને મોટા રાઇડ્સ, સ્ટોલ-પ્લોટ ધારકે બે ફાયર એક્સ્ટિંગ્યુશર લગાવવાના રહેશે.

લોકમેળાના યાંત્રિક રાઈડસધારકોએ કોઈ અનિચ્છનિય બનાવ ના બને તે માટે વીમો લેવાનો રહેશે. યાંત્રિક રાઈડ્સધારકોએ ફિટનેસ સર્ટિફિકેટ મેળવવાના રહેશે. યાંત્રિક રાઇડસ ધારકોને ટેસ્ટ રિપોર્ટ મેળવ્યા બાદ જ વીજજોડાણ આપવામાં આવશે. તમામ રાઇડસ ધારકોએ ઈ.એલ.સી.બી. લગાવવાના રહેશે.

લોકમેળામાં સિંગલ યુઝ પ્લાસ્ટિક વપરાશ પર પ્રતિબંધ હોવાથી સિંગલ યૂઝ પ્લાસ્ટિક વાપરી શકાશે નહીં. દરેક સ્ટોલધારકોએ ફાળવેલી જગ્યા પાસે એક ડસ્ટબીન ફરજીયાત પણે મુકવાની રહેશે. લોકમેળા દરમિયાન પણ આ ડસ્ટબિનમાંથી કચરો એકઠો કરી મોટી કચરાપેટીમાં લઈને નિકાલ માટે વ્યવસ્થા કરવાની રહેશે. લોકમેળાના દરેક સ્ટોલ-પ્લોટ ધારકોએ સરકારના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ, જીએસટી ભરવાનો રહેશે. ઉપરાંત કોઈ અનિચ્છનિય બનાવ ના બને તે માટે સરકારના પ્રવર્તમાન એસ.ઓ.પી.- નિયમો તથા સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

## રાજકોટથી ભાવનગર માટે સ્પેશિયલ ટ્રેન



રાજકોટ, તા.૧૨

પશ્ચિમ રેલવેએ ૧૩ જુલાઈ, ૨૦૨૪ ના રોજ રાજકોટ-ભાવનગર અને ભાવનગર-રાજકોટ વચ્ચે સ્પેશિયલ ટ્રેન (અનરિજર્વ્ડ) ની એક-એક ટ્રીપ ચલાવવાનું નક્કી કર્યું છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૫૯૧ રાજકોટ-ભાવનગર સ્પેશિયલ રાજકોટ થી ૧૩-૭ના રોજ સવારે ૪:૩૦ કલાકે ઉપડશે અને સવારે ૧૦:૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. રિટર્ન માં, ટ્રેન નંબર ૦૯૫૯૨ ભાવનગર-રાજકોટ સ્પેશિયલ ભાવનગર ટર્મિનસ થી ૧૩-૭ના રોજ રાત્રે ૧૮ કલાકે ઉપડશે અને તે જ રાત્રે ૩ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, જેતલસર, જેતપુર, કુંકાવાવ, લુંડીહાર, લાઠી, ધાસા, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનના તમામ કોચ અનરિઝર્વ્ડ એટલે કે જનરલ હશે. ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત ટ્રેનો માત્ર એક દિવસ માટે દોડાવવાની છે.

ટ્રેનોના સ્ટોપેજના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

#### ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ ૧૧ ફાયર સ્ટેશન ઓફિસરની બદલી

## તમામ ફાયર સ્ટેશન ઓફિસરને વોર્ડ વાઈઝ કામગીરી સોંપવામાં આવી

### ત્રણ-ત્રણ વર્ષથી એક જ સ્થળે નોકરી કરનારાની બદલી કરાઈ

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ ફાયર એન.ઓ.સી.ની કામગીરી અગ્રતાથી ચાલી રહી છે. ત્યારે લોકોની ડિમાન્ડ પ્રમાણે ઝડપી કામગીરી થાય તેવા આશયથી ફાયર બ્રિગેડનું બે ભાગમાં વિભાજન કરીને કામગીરીના ભાગલા કરી દેવા દરખાસ્ત તૈયાર થઈ છે. એટલું જ નહિ ફાયર શાખામાં નવા ૭૦ કર્મચારીઓની ભરતી માટે પણ કવાયતો શરૂ કરવામાં આવી રહ્યાની વિગતો પ્રાપ્ત થઈ છે. દરમિયાન ૧૧ સ્ટેશન ઓફિસરની બદલીઓ કરી નાખી તમામ ફાયર સ્ટેશનમાં ફેર બદલીઓ કરી દેવામાં આવી છે. આ સાથે જ તમામ ફાયર સ્ટેશન ઓફિસરને વોર્ડ વાઈઝ કામગીરી સોંપવામાં આવી છે.

ગેમ ઝોન કાંડ બાદ ફાયર સ્ટેશનમાં ત્રણ ત્રણ વર્ષથી એક જ સ્થળે કામ કરનારાઓને બદલવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે ૧૧ ફાયર સ્ટેશનના ઓફિસરોના ઓર્ડર કરી દેવાયા હતા. તમામ મથકના સ્ટેશન ઓફિસરને બદલી કરી દેવાયા છે અને વધુ કેટલાક કર્મચારીઓની બદલી કરવામાં આવનાર હોવાનું સૂત્રોએ કહ્યું હતું. ફાયર સ્ટેશન ઓફિસરની બદલી સાથે તેમને નવી જવાબદારી પણ સોંપવામાં આવી રહી છે. આ ઉપરાંત બે વિંગમાં ફાયર શાખા કામ કરશે. જેમાંથી એક શાખાને એનઓસી માટેની તમામ કામગીરી કરવાની રહેશે. જ્યારે બીજો વિભાગ ફાયરના કોલ એટેન્ડ કરી રેસ્ક્યૂ સહિતની કામગીરી સંભાળશે. આ દિશામાં ઝડપથી નિર્ણયો આવી રહ્યા છે.

ફાયર એનઓસી તેમજ ફાયર વિભાગની મહત્વની કામગીરી અંગે દરેક વોર્ડના વિસ્તારની નજીકના મથકમાં ફાળવણી કરવામાં આવ્યાની વિગતો પ્રાપ્ત થઈ છે. અત્યાર સુધી અધિકારી હુકમ કરે તે પ્રમાણે તપાસ અને અન્ય કામગીરી ચાલતી હતી. જેમાં માનીતા કર્મચારીઓને જ મલાઈદાર કામગીરી માટે રાખવામાં આવતા હતા. હવેથી દરેક કાયર સ્ટેશનમાંથી નિયત થયેલા વિસ્તારમાં નક્કી થયેલા અધિકારીએ જ તપાસણીની કામગીરી કરવાની રહેશે. દરેક વોર્ડમાં ફાળવણી થઈ છે અને તે પ્રમાણે જ રિપોર્ટ લેવાશે.

## સૌરાષ્ટ્રનાં ૨૦ ડેમોમાં ૦.૫ થી ૪.૫ ફુટ પાણીની આવક

### ભાદર, ફોફળ, મચ્છુ, સહિતનાં ડેમોમાં ૨૪ કલાકમાં નવું પાણી ઠલવાયુ



રાજકોટ, તા.૧૨

સૌરાષ્ટ્રનાં જળાશયોમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૨૦ ડેમોમાં ૦.૫ થી માંડી ૪.૫ ફુટ જેટલા નવા નીર જળાશયોમાં ઠલાવાયા છે. રાજકોટ જિલ્લાનાં ૭ ડેમોમાં નવા નીરની આવક થઇ હતી. જેમાં ભાદર-૧માં વધુ ૦.૫ ફુટ, ફોફળમાં પોણો ફુટ, વેણુ-૨માં ૦.૨૦ ફુટ, આજી-૩માં ૦.૩૦ ફુટ તથા સુરવોમાં ૦.૩૩ ફુટ, ન્યારી-૨માં ૦.૩૩ ફુટ અને છાપરવાડી-૨ ડેમમાં એક ફુટ નવું પાણી છેલ્લા ૨૪ કલાક દરમ્યાન આવ્યું હતું.આ ઉપરાંત જામનગર જિલ્લાનાં છ ડેમોમાં પણ નવા નીરની આવક થઇ હતી. જેમાં સસોઇમાં પોણો ફુટ, પન્નામાં ૦.૫ ફુટ, સપડામાં પોણો ફુટ, વિજરખીમાં ૦.૫, ડાઇ મીણસરમાં પોણો તથા ફોફળ-૨માં દોઢ, રંગમતીમાં ૧ અને રૂપારેલમાં પોણો ફુટ નવું પાણી આવેલ હતું.

તેમજ મોરબી જિલ્લાનાં ચાર ડેમોમાં પણ નવું પાણી આવેલ હતું. જેમાં મચ્છુ-૨માં ૦.૫ ફુટ, ડેમી-૧માં પોણો ફુટ, ડેમી-૨માં ૧.૩૧ ફુટ અને બંગાવાડીમાં પોણા બે ફુટ. આ ઉપરાંત દ્વારકા જિલ્લાનાં વર્તુ-૧માં પોણા બે ફુટ, વર્તુ-૨માં ૪.૫ ફુટ અને કાબરકામાં ૦.૩૩ ફુટ નવા નીરની આવક થવા પામી હતી.

## HDFC બેંકની ઘણી સેવાઓ શનિવારે ૧૪ કલાક સુધી ખોરવાઈ જશે

### બેન્કિંગ સિસ્ટમ કરશે અપગ્રેડઃ પરફોર્મન્સ સ્પીડમાં વધારો કરીને, ઉચ્ચ ટ્રાફિક માટેની ક્ષમતા વિસ્તરીને અને સમગ્ર વિશ્વસનિયતાને વધારીને ગ્રાહકોના બેંકિંગ અનુભવને બહેતર કવાયત

નવી દિલ્હી, તા.૧૨

અગ્રણી ખાનગી બેંક HDFC બેંકે તેના કરોડો ગ્રાહકો માટે એલર્ટ જાહેર કર્યું છે. કંપનીએ જણાવ્યું હતું કે શનિવારે તેની ઘણી નાણાકીય સેવાઓ ૧૪ કલાકથી વધુ સમય માટે ખોરવાઈ જશે. બેંકે તેના નિવેદનમાં કહ્યું કે બેંકિંગ અનુભવને સુધારવા માટે, શટડાઉન ૧૩ જુલાઈ, ૨૦૨૪ ના રોજ નક્કી કરવામાં આવ્યું છે. અપગ્રેડનો હેતુ પરફોર્મન્સ સ્પીડમાં વધારો કરીને, ઉચ્ચ ટ્રાફિક માટેની ક્ષમતા વિસ્તરીને અને સમગ્ર વિશ્વસનિયતાને વધારીને ગ્રાહકોના બેંકિંગ અનુભવને બહેતર બનાવવાનો છે.

HDFC બેંકે શનિવાર, જુલાઈ ૧૩, ૨૦૨૪ માટે તેનો ડાઉનટાઇમ શેડ્યૂલ કર્યો છે. ડાઉનટાઇમ શનિવારે સવારે ૩ વાગ્યે શરૂ થશે અને તે જ દિવસે સાંજે ૪:૩૦ વાગ્યે સમાપ્ત થશે. HDFC બેંકે સુનિશ્ચિત ડાઉનટાઇમ પર વિગતવાર FAQ જારી કર્યા છે, જે ઉપલબ્ધ રહેશે અને અપગ્રેડ દરમિયાન બંધ કરવામાં આવશે તે સેવાઓ વિશે માહિતી પ્રદાન કરે છે.

એચડીએફસી બેંકના FAQ મુજબ, ગ્રાહકો સવારે ૩ થી ૩:૪૫ અને બપોરે ૧૨:૪૫ થી ૪:૩૦ વાગ્યા સુધી UPI દ્વારા પૈસા મોકલી અને પ્રાપ્ત કરી શકે છે, મર્ચન્ટ પેમેન્ટ્સ (QR અથવા ઑનલાઇન), બેલેન્સ પૂછપરછ, તમે નહીં UPI પિન સેટ અથવા બદલવા માટે સક્ષમ. જો કે, ઉલ્લેખિત સમય સિવાય, ખાતાધારકો UPI સેવાનો ઉપયોગ કરી શકશે.

આ ઉપરાંત, એચડીએફસી બેંકના ખાતાધારકો બેલેન્સ પૂછપરછ, ચેકબુક/સ્ટેટમેન્ટ વિનંતી, પિન સેટ/પિન બદલો, મોબાઈલ નંબર અપડેટ, એટીએમ દ્વારા સવારે ૩:૪૫ થી સવારે ૯:૩૦ અને બપોરે ૧૨:૪૫ પછી એસએમએસ નોંધણીનો લાભ લઈ શકે છે. લાભ મેળવી શકશે નહીં.




## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મધ્યમ વરસાદ

### સુરત, આણંદ જીલ્લામાં ૩ ઈંચ

### રાજકોટનાં ઉપલેટામાં ૨, જેતપુરમાં ૦.૫ ઈંચઃ ઘોઘામાં ૧ અને કાલાવડમાં ૧ ઈંચ



રાજકોટ, તા.૧૨

રાજ્યના દક્ષિણ અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. બીજી તરફ, છેલ્લા કેટલાંક દિવસથી રાજ્યમાં અમુક જ વિસ્તારમાં વરસાદ નોંધાયો છે. ત્યારે ગઇકાલે રાજ્યમાં ૯૦ જેટલાં તાલુકામાં વરસાદ પડ્યો હોવાના આંકડા હવામાન વિભાગે જાહેર કર્યા છે. જેમાં ૧૫ જેટલાં તાલુકામાં ૧ ઈંચ અને અન્ય કેટલાંક તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં સૌથી વધુ વલસાડના ઉમરગામ અને સુરતના કામરેજમાં ૩.૧૮ ઈંચ તથા સુરત શહેરમાં ૩ ઈંચ વરસાદ થયો હતો.રાજ્યના કેટલાંક વિસ્તારોમાં સારો એવો વરસાદ પડ્યો હોવાના આંકડાઓ હવામાન વિભાગ દ્વારા જાહેર કર્યા છે. જેમાં રાજ્યમાં સૌથી વધુ સુરતના કામરેજમાં ૩.૧૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સાથે આણંદના બોરસદમાં ૩.૧૧ ઈંચ, રાજકોટના ઉપલેટામાં સવા ૨ ઈંચ, અમરેલીના ખાંભા, સુરત અને અમદાવાના ધંધુકામાં ૨ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

રાજ્યમાં દક્ષિણ ગુજરાત સિવાયના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ શાંત થયો છે. ત્યારે આજે વહેલી સવારથી કાળા ડિબાંગ વાદળ સાથે સુરતના કેટલાંક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. આ સાથે સુરતના ઓલપાડ, કામરેજ, માંડવી, માંગરોળ સહિતના અમુક વિસ્તારોમાં વરસાદના ઝાપટાં પડ્યાં હતા.

આ દરમિયાન સાંજના ૪ થી ૬ વાગ્યાની ૨ કલાકની અંદરમાં રાજ્યમાં ૧૯ તાલુકામાં વરસાદ પડ્યો હતો. જેમાં આણંદના બોરસદમાં ૩૭ મિ.મી. સાથે સૌથી વધુ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત, વડોદરાના ડભોઈમાં ૨૨ મિ.મી., અમરેલીના લાઠીમાં ૧૭ મિ.મીકુકાવાવમાં ૧૫ મિ.મી., રાજકોટના જેતપુરમાં ૧૪ મિ.મી. વરસાદ પડ્યો હતો.

દરમ્યાન ભાવનગર જિલ્લાના પાલીતાણા પંથકમાં વીજળી પડતા એક મહિલાનું મોત નિપજ્યું હતું અને જિલ્લાના ઘોઘામાં એક ઈંચ થી વધુ વરસાદ પડ્યો હતો.ગોહિલવાડ પંથકમાં વરસાદની આગાહી વચ્ચે માત્ર ઘોઘા તાલુકામાં જ વરસાદ પડ્યો છે. જ્યારે અન્ય તાલુકાઓમાં વરસાદના હળવા ઝાપટા વરસી ગયા હતા. ઘોઘામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો અને એક ઈંચથી (જુઓ.પાનું.૫)




SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.